નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date 21 DECEMBER 2024 I SATURDAY I Page :8 I Year : 2 I Issue :222 I Price: 2/-




રાજકોટમાં ડીજીપીની અધ્યક્ષતામાં યોજાયેલ ક્રાઈમ કોન્ફરન્સનું સમાપન

જુઓ પેજ નં.૪

# જયપુર અગ્નિકાંડ

## ટેન્કર-ટ્રક અથડાતા ૧૧ ભડથું થયા, ૩૫ની હાલત ગંભીર

**અકસ્માતમાં એલપીજી ટેન્કરના આઉટલેટ નોઝલને નુકસાન થતાં ગેસ લીકેજના કારણે આગ વધુ ભયાનક બની : ઉડતા પક્ષીઓ પણ સળગી ગયા મૃતકોના પરિવારોને રાજ્ય સરકારની રૂ. ૫ લાખ, ઈજાગ્રસ્તોને રૂ. ૧ લાખ પીએમ સહાયમાંથી રૂ. ૨ લાખ, રૂ. ૫૦,૦૦૦ની આર્થિક સહાય**





જયપુર : રાજસ્થાનના જયપુર-અજમેર હાઈવે પર શુક્રવારે વહેલી સવારે એક એલપીજી ટેન્કર ટ્રક સાથે અથાડાતા ભયાનક આગના ગોળા સર્જાયા હતા, જેમાં ૧૧ લોકોનાં મોત થયા હતા અને ૩૫થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાં ૨૯ લોકો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. આથી મૃત્યુઆંક વધવાની સંભાવના છે. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે ગણતરીની મિનિટોમાં ૪૦થી વધુ વાહનો ખાખ થઈ ગયા અને ઊડતા પક્ષી પણ મોતને ભેટયાં. રાજ્ય સરકારે મૃતકોના પરિવારને રૂ. ૫-૫ લાખની આર્થિક સહાય જાહેર કરી છે. જયપુર પોલીસ કમિશનર બિજુ જ્યોર્જ જોસેફે જણાવ્યું હતું કે, જયપુર-અજમેર હાઈવે પર ભાંકરોટ ખાતે વહેલી સવારે ૫.૩૦ કલાકે એક સ્કૂલ સામે ધુમ્મસથી અંધકારભર્યા વાતાવરણમાં એક એલપીજી ટેન્કર યુ-ટર્ન લઈ રહ્યો હતો ત્યારે ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો, જેમાં એલપીજી ટેન્કરના આઉટલેટ નોઝલને નુકસાન થતાં ગેસ લીક થયો હતો

# દિલ્હી એનસીઆરમાં ૧૦૦થી વધુ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી હડકંપ

નવી દિલ્હી તા.૨૦

દિલ્હી-એનસીઆરમાં ફરી બોમ્બની ધમકી ભર્યા ઈ-મેલ આવ્યા છે. આ વખતે ૧૦૦થી વધુ સ્કુલોને બોમ્બની ધમકી મળતા અફડાતફડી મચી ગઈ હતી. જેના પગલે પોલીસ, બોમ્બ વિરોધક ટુકડી અને ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળોએ પહોંચી હતી પણ હજુ સુધી કંઈ શંકાસ્પદ વસ્તુ નથી મળે. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ડીપીએસ, એમીટી, મધર મેરી સ્કુલ સહિત અનેક મોટી




સ્કુલોને આજે બોમ્બની ધમકીભર્યા ઈ-મેલ મળ્યા છે. ૯૭થી વધુ આ મામલે કોલ મળ્યા હતા. બોમ્બથી ઉડાવી દેવાની ધમકીને પગલે સ્કુલ મેનેજમેન્ટ એલર્ટ થઈ ગયું હતું. સલામતી ખાતર બધા બાળકોને સ્કુલ પરિસરમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને બાળકોને રજા જાહેર કરાઈ હતી.

જો કે તપાસ બાદ કોઈ શંકાસ્પદ કે વાંધાજનક વસ્તુ નહોતી મળી અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પણ લોકોને ન ગભરાવવા જણાવ્યું હતું.

## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# શેર બજારમાં વૈશ્વિક આંચકાઓ



ભારતીય શેર બજારમાં વૈશ્વિક આંચકાઓ અને ભારતીય ઘટનાક્રમોના પ્રત્યાઘાત પડતા રહે છે તેમાં ક્યારેક સેબી પોતે પણ નવા નિયમોના ચાબુક ફટકારીને દોડતા ઘોડાને વધુ દોડાવવાને બદલે લગામ ખેંચી લે છે. સેબી કે રોકાણકારોને ભાગ્યે જ અંદાજ હોય એવી રીતે બજાર કડડભુસ થઈ જાય છે. અગાઉ સેબીએ મ્યુચ્યુઅલ ફંડસના પુનઃ વર્ગીકરણના જે નિયમના અમલની તાકીદ કરી એનાથી સંખ્યાબંધ પોર્ટફોલિયો મેનેજર્સ અને એની કંપનીઓમાં ગભરાટ ફેલાઈ ગયો છે. દેશના આર્થિક દ્રષ્ટિએ વિકટકાળ કહેવાય તેવા સમયમાં એક સાથે ૫૦૦-૭૦૦ શેરના ભાવ ઝડપથી ગગડતા રોકાણકારોના કરોડો રૂપિયાનું અકારણ જ ધોવાણ થયું છે. આ સપ્તાહમાં પણ મંદીના સુસવાટા ચાલુ રહ્યા છે.

સ્મોલ અને મિડ-કેપ શેરોમાં થયેલા એકાએક ધોવાણનો કોઈ પૂર્વ અણસાર ખેરખાંઓને આવી શક્યો ન હતો. આ નવા કરેક્શનને કારણે દલાલ સ્ટ્રીટમાં એક પ્રકારની અફડાતફડી મચી ગઈ છે. રોકાણકારો પાસેથી હપ્તાવાર (એસઆઈપી) નાણાં લઈને જંગી ભંડોળ એકત્રિત કરી એને બજારમાં રોકનારા અને મધ્યમગાળામાં ઊંચો નફો લેવાનો ખ્યાલ ધરાવતા મ્યુચ્યુઅલ ફંડો પણ બજારને ઓળખવામાં આ વખતે ગોથું ખાઈ ગયા છે. નિર્મલા સીતારામનના આવ્યા પછી નાણાખાતાના અવનવા ફતવાઓ બહાર પડવાના બંધ થયા છે, પણ આઘાત તો ચાલુ જ છે. અરૂણ જેટલીએ પોતાના સત્તાકાળમાં જીએસટીનો ઘંટ વાગ્યા પછી એમાં પાંચસો સુધારાઓના નોટિફિકેશન બહાર પાડ્યા હતા. છેલ્લા થોડા વરસોથી નાણાં મંત્રાલયે એ અજબ ગજબ ફતવા બહાર પાડવાનો ક્રમ અટકાવ્યો છે.

નાણા સચિવ અને વડાપ્રધાન કાર્યાલય વચ્ચે અત્યારે વ્યક્તિગત આવકવેરાના ધોરણોમાં સુધારણા કરવાની ફાઈલો ફરી રહી છે અને નવા વરસના નવા બજેટ પહેલા એમાં સ્લેબ વધારાની, એટલે કે કર ઘટાડાની સંભાવના છે. મ્યુચ્યુઅલ ફંડોની આવક પર જેટલીએ ફટકારેલો નવો કરબોજ પણ પાછો ખેંચાવાની શક્યતા છે. જો કે અરૂણ જેટલીના છબરડાઓને સુધારવામાં જ બીજા ચાર-પાંચ વરસ લાગી રહ્યા છે અને સરકાર ગમે તેની હોય, એ કામ નાણા મંત્રાલયે જ કરવું પડે છે. ગત સપ્તાહાંતે કેટલાક શેરોમાં તો ચાલુ વર્ષની ટોચની સપાટીની તુલનાએ ૯૪ ટકા સુધી ભાવ નીચે જતા રહ્યા છે. સ્મોલ અને મિડ-કેપ શેરોમાં આવનારા દિવસોમાં હજુ વધુ આંચકાઓ આવવાની શક્યતા છે, કારણ કે સેબી સતત રોકાણકારોના હિતના બહાને મ્યુચ્યુઅલ ફંડોની રોકાણ પ્રણાલિકા પર કાતિલ નજર રાખે છે.

આ ફંડ મેનેજરો ઈન્ડેક્સની એવરેજથી પણ વધુ નફો રળી લેવાની કાબેલિયત ધરાવતા હોય છે. રોકાણકારોનો એક મોટો વર્ગ હવે પોતાનો પોર્ટફોલિયો બીજાઓને સોંપે છે. બીજાઓ એટલે કે પોર્ટફોલિયો મેનેજરો પાસે પાંચ-દસ લાખની એવરેજનાં જથ્થાબંધ એકાઉન્ટ હોય છે. મુંબઈના મેનેજરો પાસે કરોડ-કરોડનાં પણ સંખ્યાબંધ એકાઉન્ટ હોય છે અને તે હવે સાવ સામાન્ય ક્રમ છે.આવા મેનેજરો પોતાને ત્યાં ટેકનિકલ એનાલિસ્ટો, ચાર્ટિસ્ટો અને ફન્ડામેન્ટલ અભ્યાસ કરનારા વિશ્લેષકોને બહુ ઊંચા પગારે નોકરીમાં રાખતા હોય છે. સ્મોલ અને મિડ-કેપ શેરોએ આ વખતે શિખરથી તળેટી સુધીની જે પછડાટ ખાધી તેમાં પેલા નિષ્ણાતો પણ સ્તબ્ધ થઈ ગયા છે. તમામ મ્યુચ્યુઅલ ફંડો બજારમાં રોકાણોમાં ગયા સપ્તાહે સખત ધોવાયા છે. સેન્સેક્સ અને નિફ્ટી પોઝિટિવ રહ્યા હોવા છતાં થયેલું આ નુકસાન દલાલ સ્ટ્રીટના ઈતિહાસમાં એક લાજવાબ ઘટના છે. ફંડના મેનેજરોને તકલીફ ક્યાં પડી? તેમણે રોકાણના બધા પાટા રાતોરાત બદલવા પડ્યા. સેબીના નવા વર્ગીકરણ પ્રમાણે લાર્જ-કેપ સ્કીમનું ઓછામાં ઓછું ૮૦ ટકા રોકાણ લાર્જ-કેપ શેરોમાં જ રોકાયેલું હોવું જોઈએ, એમ ન હોય તો સેબીના કાયદા પ્રમાણે ગુનો બને છે. એવું જ મિડ-કેપ ફંડનું છે. મિડ-કેપ ફંડનું ઓછામાં ઓછું ૬૫ ટકા રોકાણ મિડ-કેપ શેરોમાં જ હોવું ફરજિયાત છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જના મિડ-કેપ અને સ્મોલ-કેપ ઈન્ડેક્સમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હોવા છતાં સેન્સેક્સને લેવલમાં લાવવાના તેઓ બે નંબરી નિષ્ણાતો છે. આ વખતે બીજા અનેક શેરોનું વોલ્યુમ ઊંચું રહ્યું છે.

# પાકિસ્તાને ઘુસણખોરી કરવા ફરી એલઓસી પર આગ લગાડી ભારતની વન સંપત્તિને નુકસાન

**એલઓસી પર આગ લગાડી પાક.ભારતની બિછાવેલી દારૂગોળાની સુરંગો નષ્ટ કરી ઘૂસણખોરીને આસાન બનાવે છે**

પુંછ (જમ્મુ-કાશ્મીર) તા.૨૦

એલઓસી પાસે ફરી પાકિસ્તાને આગ લગાડી છે. જેનાથી દેશની વન્ય સંપતિને નુકશાન થયુ છે. પુંછ જીલ્લામાં પેંઢર સેકટરમાં નિયંત્રણ રેખાની પાર પાકિસ્તાન તરફથી લગાવવામાં આવેલ આગ નિયંત્રણ રેખા પર ભારતીય ક્ષેત્રમાં પહોંચી ગઈ છે. આ આગના સંપર્કમાં આવવાથી લાખોની વન્ય સંપતિને નુકશાન થયુ છે.



આ ઉપરાંત ભારતીય સુરક્ષા દળો દ્વારા નિયંત્રણ રેખા પર ઘુસણખોરી રોકવા બિછાવવામાં આવેલ દારૂગોળાની સુરંગોને પણ નુકશાન થઈ રહ્યું છે. જાણકારી મુજબ દિવસભરમાં અડધો ડઝન બારૂદી સુરંગમાં વિસ્ફોટ થઈ ચૂકયા છે. જોકે આગ પર કાબુ મેળવવા સેના, સ્થાનિક લોકો અને વન વિભાગનાં કર્મચારીઓએ સંયુકત અભિયાન શરૂ કર્યું છે.

ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન તરફથી નિયંત્રણ રેખાની પેલે પારથી આતંકી ઘુસણખોરીને અંજામ આપવા માટે તક જોઈને પાકિસ્તાની સેના નિયંત્રણ રેખા નજીકનાં વિસ્તારોમાં આગ લગાડી દે છે. હાલમાં પાકિસ્તાન તરફથી નિયંત્રણ રેખા નજીકનાં આગ લગાવી દે છે. આ આગ નિયંત્રણ રેખાને પાર કરીને ભારતીય સીમામાં પહોંચી જાય છે. આ આગથી બિછાવેલી બારૂદી સુરંગ નષ્ટ થઈ જાય છે.જેથી પાક આતંકી સરળતાથી ઘુસણખોરી કરે.

# ગેરકાયદે બાંગ્લાદેશીઓની ખેર નહીં; મુંબઈમાં બનાવાશે ડિટેન્શન સેન્ટર, પુણેમાં બનશે જેલ, ફડણવીસની જાહેરાત

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાજ્યમાં ગેરકાયદે ઘૂસેલા બાંગ્લાદેશીઓ અંગે વિધાનસભામાં મોટી જાહેરાત કરી છે. તેમણે જેલ સિસ્ટમ સુધારવા માટેના પસાર કરાયેલા વિધેયક પર જવાબ આપતા કહ્યું કે, મુંબઈમાં એક ડિટેન્શન સેન્ટર બનાવાશે, જેમાં ગેરકાયદે ઘૂસણખોરી કરીને રાજ્યમાં પ્રવેશેલા બાંગ્લાદેશીઓને રખાશે. આ માટે મુંબઈ બીએમસી પાસે જમીન માંગવામાં આવી છે. તેમણે કહ્યું કે, તે લોકો વિદેશી નાગરિક હોવાના કારણે તેમને જેલમાં ન રાખી શકાય. આ જ કારણે તેમને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવશે.

તેમણે કહ્યું કે, આપણે તાજેતરમાં જોયું છે કે, ડ્રગ્સનો કેસ, ગેરકાયદે પ્રવેશનો કેસ અને ગેરકાયદે બાંગ્લાદેશીઓ, તેઓ તમામ વિદેશી નાગરિકો છે, તેથી તેમને સીધા જ જેલમાં ધકેલાય. તેમણે ડિટેન્શન કેમ્પમાં રાખવા જોઈએ. બીએમસીએ અમને ડિટેન્શન કેમ્પ બનાવવા માટે જમીન આપી છે, પરંતુ તે જમીન ડિટેન્શન કેમ્પના માપદંડો અનુરૂપ નથી. તેથી અમે બીએમસી પાસે બીજી જમીન માંગી છે.મહારાષ્ટ્ર જેલ અને સુધારક સેવા અધિનિયમ-૨૦૨૪ મહારાષ્ટ્ર વિધાનસભામાં ધ્વનિ મતથી પસાર કરાયું હતું. આ બિલ પરની ચર્ચાનો જવાબ આપતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, આ બિલ કેન્દ્ર દ્વારા રાજ્યોને મોકલવામાં આવેલા મોડલ જેલ બિલ-૨૦૨૩ પર આધારિત છે.


## શરદ પવાર-અજિત પવાર ફરી સાથે આવશે? રોહિત પવારે સ્પષ્ટ કર્યું ચિત્ર

મહારાષ્ટ્રમાં હાલ શરદ પવાર અને અજિત પવારના એક થવાની ચર્ચા તેજ બની છે. આ વચ્ચે એનસીપી શરદચંદ્ર પવાર જૂથના ધારાસભ્ય રોહિત પાટિલે નાયબ મુખ્યમંત્રી અને ચીફ અજિત પવાર સાથે મુલાકાત બાદ આ પ્રકારની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ત્યારે હવે આ મીટિંગ અંગે રોહિત પવારે સ્પષ્ટતા કરી છે. રોહિત પવારે શુક્રવાર (૨૦ ડિસેમ્બર)એ કહ્યું કે, 'વિપક્ષી ધારાસભ્યોએ પોતાના વિધાનસભા વિસ્તારના વિકાસ કાર્યો અને રાજયથી સંબંધિત મુદ્દાઓ માટે સત્તામાં બેઠેલા લોકોને મળવાની જરૂર છે. આ બેઠકોને રાજકીય રંગ આપવો ખોટું છે. મેં કાલે અજિતદાદા અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે પણ મુલાકાત કરી. તેઓ સત્તામાં છે અને વિકાસ કાર્યો માટે નાણાં ઉપલબ્ધ કરાવે છે. વિકાસ કાર્યો પર રાજનીતિ ન થવી જોઈએ.

### દરેક મસ્જિદમાં મંદિર જોઈ રહેલા નેતાઓને સંઘની લાલબતી

# અયોધ્યા જેવા વિવાદ અન્યત્ર ઉઠાવવા જરૂરી નથીઃ ભાગવત

પુના દેશમાં અને ખાસ કરીને ઉતરપ્રદેશમાં મસ્જીદોમાં સર્વે કરાવી મંદિર શોધવાના શરૂ થયેલા સિલસિલા સામે આખરે આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવતે રૂક-જાવના સૂર દર્શાવતા કહ્યું કે દેશમાં રામમંદિર જેવા વિવાદો અન્યત્ર ઉભા કરવાનું બંધ થવુ જોઈએ. તેઓએ પુનામાં વિશ્વગુરુ-ભારત પર આયોજીત એક વ્યાખ્યાન માળામાં સંબોધન કરતા કહ્યું કે ભારતે ભૂતકાળની ભુલમાંથી બોધપાઠ લેવો જોઈએ અને દેશને વિશ્વ માટે એક મોડેલ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. શ્રી ભાગવતે કહ્યું કે રામમંદિર એક આસ્થાનો પ્રશ્ન હતો અને હિન્દુઓની લાગણી હતી કે જન્મભૂમિ પર રામમંદિર બનવું જોઈએ. પરંતુ અન્ય સ્થાન પર આ પ્રકારના મુદા ઉઠાવવા એ સમુદાયો વચ્ચે ધિકકાર અને જે દુશ્મનાવટ પેદા થાય તે અસ્વીકાર્ય છે. હાલમાં જ જે રીતે ઉતરપ્રદેશના સેબલથી લઈને રાજસ્થાનથી અજમેર શરીફ દરગાહમાં હિન્દુ મંદિરો હોવાના દાવા સાથે સર્વેના અદાલતી દાવા થઈ રહ્યા છે.તે સંદર્ભમાં ભાગવતનું આ વિધાન મહત્વનું છે. અગાઉ પણ તેઓએ દરેક મસ્જીદોમાંથી મંદિર શોધવાની પ્રવૃતિ થવી જોઈએ નહી તેવુ વિધાન કર્યુ હતું પણ



અમુક નેતાઓ રામમંદિર જેવા મુદા ઉઠાવી નેતા બનવા માંગે છે ટકોર, રામમંદિર કરોડો હિન્દુઓ માટે આસ્થાનો પ્રશ્ન હતો સંબલથી અજમેર સુધીના વિવાદો પર સંઘવડાની પ્રતિક્રિયા

સૌથી આશ્ચર્યજનક છે કે ખુદ ઉતરપ્રદેશ જયારે મુખ્યમંત્રી યોગી આદીત્યનાથની નજર હેઠળ જ આ પ્રકારના વિવાદો ઉભા કરવામાં આવી રહ્યા છે. શ્રી ભાગવતે કહ્યું કે કટ્ટરવાદ, આક્રમકતા, બળજબરી અને અપમાનીત કરવાનો ધર્મ કે ઈશ્વર એ આપણી સંસ્કૃતિ નથી. દેશમાં દરેક વ્યકિતને તેના ધર્મને અનુસરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. શ્રી ભાગવતે ઉમેર્યુ કે મંદિર-મસ્જિદનો મુદ્દો ઉઠાવનારા લોકોને લાગી રહ્યું છે કે, તેઓ હિન્દુ નેતા બની જશે. પણ તે સ્વીકાર્ય નથી. આપણે લાંબા સમયથી સદભાવનામાં રહ્યા છીએ. જો આ સદભાવનાને વિશ્વ સુધી પહોંચાડવી છે, તો તેના માટે આપણે એક મોડલ તૈયાર કરવુ પડશે. રામ મંદિર નિર્માણ બાદ અમુક લોકોને લાગે છે કે, તેઓ નવા સ્થળો પર આ પ્રકારના મુદ્ધા ઉઠાવી હિન્દુ નેતા બની જશે.

પરંતુ રામ મંદિરનું નિર્માણ તમામ હિન્દુઓની આસ્થાનો સવાલ હતો.

વધુમાં ભાગવતે જણાવ્યું કે, આપણે રોજ નવો કિસ્સો ઉઠાવી રહ્યા છીએ. તેની મંજૂરી કેવી રીતે મળી શકે. ભારતે આ જોવુ પડશે કે, આપણે ક્યાં જઈ રહ્યા છીએ. કોઈએ પણ ખાસ મુદ્દો અને સ્થળનું નામ લેવુ જોઈએ નહીં. હાલમાં જ મંદિરની ઓળખ કરવા માટે મસ્જિદના સર્વેક્ષણની માગ કરતી અનેક અરજીઓ કોર્ટમાં દાખલ થઈ છે. જે યોગ્ય નથી. ભાગવતે તમામ ભારતીયોને એકજૂટ થઈ વર્ચસ્વની ભાષાનો ઉપયોગ કરવા અપીલ કરી છે. આરએસએસ પ્રમુખે જણાવ્યું કે, કોણ લઘુમતી અને કોણ બહુમતી? અહીં તમામ સમાન છે. આપણા દેશની પરંપરા છે કે, તમામ લોકો પોત-પોતાની પૂજા પદ્ધતિનુ પાલન કરે. આપણે સૌએ સદભાવના કેળવી નિયમો અને કાયદાના અનુપાલનમાં રહેવુ જોઈએ.

મોહન ભાગવતે કહ્યું કે, અમુક લોકો બહારથી આવ્યા અને પોતાની સાથે કટ્ટરતા લઈ આવ્યા, તેઓ ઈચ્છે છે કે, જૂનુ શાસન પરત આવે. પરંતુ હવે દેશ બંધારણનું અનુસરણ કરી રહ્યો છે. આ વ્યવસ્થામાં લોકો પોતાના પ્રતિનિધિ પસંદ કરે છે, જે સરકાર ચલાવે છે. વર્ચસ્વ સ્થાપિત કરવાના દિવસો જતાં રહ્યાં. મોઘલ બાદશાહ ઔરંગઝેબનું શાસન આ પ્રકારની કટ્ટરતા માટે જ ઓળખાતુ હતું. જો કે, તેમના વંશજ બહાદુર શાહ ઝફરે ૧૮૫૭માં ગોહત્યા પર પ્રતિબંધ લાદ્યો હતો. આ કટ્ટરતાવાદનો અંત લાવવો જરૂરી છે.

અંગ્રેજોના શાસન દરમિયાન અયોધ્યામાં રામ મંદિર હિન્દુઓને સોંપવામાં આવી રહ્યુ હતું, પરંતુ અંગ્રેજોને તેની જાણ થઈ ગઈ અને તેમણે ભાગલા પાડો રાજ કરો નીતિ અપનાવી. બંને સમુદાયો વચ્ચે કડવાશ ઉભી કરી. અલગાવવાદની ભાવના અસ્તિત્વમાં આવી. પરિણામે પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું. આજના રાજકારણીઓ અને અન્ય લોકો આ જ નીતિનું પુનરાવર્તન કરી રહ્યા છે.

# સતત બીજા દિવસે સંસદ પરિસરમાં દેખાવોઃ શિયાળુ સત્રનો અંત

### લોકસભા અને રાજયસભા ધમાલ બાદ મુલત્વી કોંગ્રેસે વિજય ચોકથી સંસદ ભવન સુધી રેલી યોજી ભાજપ દ્વારા પરિસરમાં કોંગ્રેસ વિરોધી દેખાવો

નવી દિલ્હી, તા.૨૦

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના ડો. બાબાસાહેબ આંબેડકર અંગેના વિધાનો પર સર્જાયેલી ધમાલ અને ગઈકાલે લોકસભા પરિસરમાં જે રીતે ભાજપ અને કોંગ્રેસના સાંસદો વચ્ચે ધકકામુક્કી સહિતની ઘટનાઓમાં આજે પણ સ્થિતિ યથાવત રહી હતી અને કોંગ્રેસ પક્ષે સંસદ સુધી રેલી યોજી હતી. તો બીજી તરફ ભાજપના સભ્યોએ પણ સંસદ પરિસરમાં રાહુલ ગાંધી અને કોંગ્રેસ વિરોધી દેખાવો કર્યા હતા અને લોકસભાનું કામકાજ શરુ થતાં જ ફરી એક વખત ધમાલ થતાં આ ગૃહને હવે અચોક્કસ મુદત સુધી મુલત્વી રાખવામાં આવ્યું છે જયારે બીજી તરફ




રાજયસભામાં આજે શિયાળુ સત્રના કામકાજનો અંતિમ દિન છે અને તે સાથે જ સંસદના શિયાળુ સત્રનો અંત આવી જશે.

કોંગ્રેસે ગઈકાલની ઘટનાઓના વિરોધમાં અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામા અને માફીની માંગણી સાથે વિજય ચોકથી સંસદ ભવન સુધી રેલી યોજી હતી. કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે ગઈકાલની ઘટના પણ સુનિયોજીત હતી અને તે માટે ગૃહમંત્રીએ માફી માંગવી જોઈએ. આ રેલીમાં કોંગ્રેસના તમામ સાંસદો અને વરિષ્ઠ નેતાઓ જોડાયા હતા.

બીજી તરફ સંસદના પરિસરમાં ભાજપે ફરી એક વખત દેખાવો કર્યા હતા અને રાહુલ ગાંધીના સસ્પેન્સનની માંગણી કરી હતી. લોકસભામાં આજે સત્રાવસાન જાહેર કરાયું છે અને હવે આગામી વર્ષે બજેટ બેઠક જ મળશે

. જો કે સમાજવાદી પક્ષના નેતા અખિલેશ યાદવે કહ્યું કે સત્રની સમાપ્તી થાય છે પરંતુ મુદો ખત્મ નહીં થાય. રાજયસભામાં પણ બપોરે ૧૨ વાગ્યા સુધી ધમાલ બાદ મુલત્વી રાખવામાં આવી હતી. બન્ને ગૃહોમાં ભાજપ અને કોંગ્રેસ પોતા-પોતાના મુદ્દને આગળ ધરીને સભા મોકુફીની દરખાસ્ત મુકી હતી પરંતુ તે હાથ ધરાઈ તેવી શક્યતા નથી.



# રાજકોટમાં ડીજીપીની અધ્યક્ષતામાં યોજાયેલ ક્રાઈમ કોન્ફરન્સનું સમાપન

**ક્રાઈમ રેટ ઘટાડવા, થર્ટી ફર્સ્ટ પહેલાં દારૂ-માદક પદાર્થના ધંધાર્થીઓ પર વોચ રાખવા, મિલ્કત અને શારીરિક ગુનાનોના ડિટેક્સન, સંવેદનશીલ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ સહિતના મુદ્દાઓ પર ગંભીર ચર્ચા**

## ડિજીપી વિકાસ સહાયએ સાડા ચાર કલાક ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે વિચારોની આપ–લે કરી રાજ્યને સુરક્ષિત કરવાં નવી રણનીતિ ઘડવામાં આવી

રાજકોટ. તા.૨૦

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા ગાંધીનગર યોજાતી ક્રાઈમ કોન્ફરન્સ હવે મહાનગરોમાં પણ યોજાવાની જાહેરાત કર્યા બાદ રાજકોટમાં પ્રથમ વખત આજે ડિજીપીની અધ્યક્ષતામાં ક્રાઈમ કોન્ફરન્સનો વ્હેલી સવારથી જ પ્રારંભ થયો હતો. જેમાં નવ રેન્જ આઈજી, ચાર સીપી, સીઆઇડી, એટીએસ, લો એન્ડ ઓર્ડરના વડા સહિત ૧૮ જેટલા ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહ્યાં હતાં. ક્રાઈમ કોન્ફરન્સને લઈ શહેર પોલીસમાં ધમધમાટ જોવા મળ્યો હતો અને કમિશ્નર કચેરીમાં આઈપીએસ અધિકારીઓની ચહલ પહલ જોવા મળી હતી. રાજ્ય પોલીસ વડાની અધ્યક્ષતામાં સમયાંતરે ડિજી કક્ષાના અધિકારીઓ સાથે ક્રાઈમ કોન્ફરન્સ યોજી ક્રાઈમ રેટ ઘટાડવા સહિતની બાબતો પર ચર્ચા કરી અધિકારીઓ દ્વારા પોતાના વિચારો રજુ કરવામાં આવતાં હોય છે. ડીજીપીએ થોડાં સમય પહેલાં એક નવી પહેલ શરૂ કરી હતી. જેમાં નિયમિત ગાંધીનગરમાં જ મળતી ક્રાઈમ કોન્ફરન્સ અલગ અલગ શહેરોમાં યોજાઈ તેવું નક્કી કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાજકોટમાં સૌ પ્રથમ વાર સીપી કચેરીએ સવારથી ક્રાઈમ કોન્ફરન્સનો ડિજીપીની અધ્યક્ષતામાં પ્રારંભ થયાં બાદ બપોરે ૨ વાગ્યાની આસપાસ સમાપન થયું હતું. ચાર કલાકથી વધું ચાલેલ ક્રાઈમ કોન્ફરન્સમાં ડીજીપી દ્વારા ક્રાઈમ રેટ ઘટાડવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ થર્ટી ફર્સ્ટ પહેલાં દારૂ-માદક પદાર્થના ધંધાર્થીઓ પર પોલીસ મથક દિઠ ડ્રોન કેમેરાથી વોચ રાખવા, મિલકત અને શારીરિક ગુનાનોના ડિટેક્સન, સંવેદનશીલ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ સહિતના મુદ્દાઓ પર ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. તેમજ પોલીસ અધિકારીઓ સાથે વિચારોની આપ-લે કરી રાજ્યને સુરક્ષિત કરવાં નવી રણનીતિ ઘડવામાં આવી હતી.




# ડીજીપી વિકાસ સહાયને આવકારતા રાજકોટ પો.કમીશનર બ્રિજેશકુમાર ઝા

તસવીરઃ આનંદ સોમૈયા

## હાજર રહેલ ઉચ્ચ પોલીસ અધિકારીઓ

શહેર પોલીસ કમીશ્નર કચેરીએ યોજાયેલ ક્રાઈમ કોન્ફરન્સમાં રાજયભરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહેલ હતો. ડીજીપી વિકાસ સહાય, અમદાવાદ પોલીસ કમીશ્નર જી.એસ.મલીક રાજકોટ પોલીસ કમીશ્નર બ્રજેશ કુમાર ઝા, વડોદરા પોલીસ કમીશ્નર નરસિંહમાં તોનર, સુરત પોલીસ કમીશ્નર અનુપમસિંહ ગહેલોત, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ ઝાંઝડીયા સહીત પરીક્ષીના રાઠોડ હરસુખ યાદવ, ગૌતમ પરમાર, રાજકુમાર પોડીયન સંદિપસિંઘ સહીતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહેલ હતું.

## ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે ખાસ ચર્ચા થઈ

ક્રાઈમ કોન્ફરન્સમાં ખાસ ટ્રાફીક સમસ્યા વિશે સઘન ચર્ચા કરવામાં આવી હતી. ડીજીપીએ ટ્રાફીક સમસ્યા હલ કઈ રીતે કરી શકાય તે જેથી અકસ્માતોના બનાવમાં ઘટાડો આવે અને લોકોની જીંદગી બચાવી શકાય તે અંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓ પાસેથી સુચનો પણ મેળવવામાં આવ્યાં હતો.



## ડીજીપીને સીપી કચેરીમાં ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું

રાજકોટમાં યોજાઈ રહેલ રાજય કક્ષાની ક્રાઈમ કોન્ફરન્સમાં કમીશ્નર કચેરીમાં ગાર્ડ ઓફ ઓનર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.જે બાદ તેઓએ રાજય કક્ષાની ક્રાઈમ કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો.જેમાં રાજયના નવ રેન્જ આઈજી, ચાર મહાનગરોના પોલીસ કમીશ્નર સહીતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહેલ છે.



## ગુનેગારોમાં ધાક બેસાડો, સામાન્ય વ્યકિત પોલીસ ફરિયાદ કરતાં ડરવો ન જોઈએ

આજે સીપી કચેરી યોજાઈ ગયેલ ક્રાઈમ કોન્ફરસમાં ડીજીપી વિકાસ સહાયએ ખાસ નોંધ લઈ કુખ્યાત નામચીન ગુનેગારો વિરૂદ્ધ સખત કાર્યવાહી કરી એવી ધાક બેસાડો કે ફરીવાર તે ગુનો કરવા માટે વિચારી પણ ન શકે તેમજ સામાન્ય લોકોમાંથી ગુનેગારોનો ભય ડર કરી તેઓ પોલીસ મથકે પહોંચે તેવું વાતાવરણ ઉભો કરવાની ચર્ચા પણ કરવામાં આવી હોવાનું સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# મનપામાં એજન્સીના કર્મચારીઓનું શોષણઃ સરકારે રીપોર્ટ માંગ્યો

## શ્રમ આયોગે પગાર, પીએફ સહિતના લાભોની વિગત પૂછી : આઉટસોર્સિંગથી બે હજાર જેટલા સ્ટાફને કામે રાખવામાં આવ્યો છે

રાજકોટ, તા. ૨૦

મ્યુનિ. કોર્પોરેશનની વેરાની વાર્ષિક આવકમાંથી દર વર્ષનો પગાર ખર્ચ પણ નીકળતો નથી ત્યારે જુદા જુદા વિભાગો માટે એજન્સીઓ મારફત કોન્ટ્રાકટથી કર્મચારીઓ રાખવામાં આવે છે.

એજન્સી પાસેથી આઉટસોર્સિંગના રસ્તે રોકવામાં આવતા કર્મચારીઓનો પગાર સહિતના લાભ આપવાની જવાબદારી કોન્ટ્રાકટરની હોય છે. પરંતુ આવી રીતે કામ કરતા બે હજારથી વધુ કર્મચારીઓને પુરતો પગાર, પ્રોવિડન્ડ ફંડ સહિતના લાભો મળતા નહીં હોવાની સતત કરાતી ફરિયાદ પરથી સરકારે પુછાણ કરતા દોડધામ મચી છે. આ શોષણની ફરિયાદો તાજેતરમાં આવેલી શ્રમ વિભાગની ટીમ પાસે પણ પહોંચાડવામાં આવી હતી.



મહાપાલિકાના મોટાભાગના વિભાગોમાં આઉટ સોર્સિંગના કર્મચારીઓ દ્વારા કામગીરી કરાવવામાં આવી રહી છે.

પરંતુ એજન્સી કર્મચારીદીઠ પુરૂ વેતન લઈને કર્મચારીઓને પુરા પગાર અને ભથ્થા ન આપતા હોવાની ફરિયાદો ગાંધીનગર સુધી પહોંચતા શ્રમ આયોગે કોર્પોરેશનને પરિપત્ર કરી તમામ વિભાગના આઉટ સોર્સિસના કર્મચારીઓની પગાર ભથ્થા તેમજ વિભાગીય કામગીરી સહિતનો હિસાબ માંગ્યો છે. આથી મહેકમ શાખા હિસાબ-કિતાબમાં પડી છે.

કોર્પો.ના આરોગ્ય વિભાગ, સોલીડવેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, પર્યાવરણ વિભાગ, આધારકાર્ડ વિભાગ, જન્મ-મરણ નોંધણી વિભાગ, વોટરવર્કસ સહિતના વિભાગોમાં ડેટા ઓપરેટરથી લઈને પટાવાળા સુધીના અનેક કર્મચારીઓને કોન્ટ્રાક્ટ પદ્ધતિથી એજન્સી મારફતે લેવામાં આવ્યા છે. અલગ અલગ વિભાગોમાં હાલ બે હજારથી વધુ આઉટ સોર્સિસના કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે.

વિભાગ અને કામગીરી મુજબ સરકારે નિયત કરેલ વેતન કોર્પોરેશને એજન્સીઓને ચુકવવાનું હોય છે. જેની સામે એજન્સી દ્વારા અમુક કર્મચારીઓનું શોષણ કરી તેમને ઓછુ વેતન ચુકવાતું હોવાનું તેમજ અનેક વિભાગના કર્મચારીઓના પીએફ તેમજ અન્ય ભથ્થાઓ કપાતા ન હોવાની ફરિયાદો ગાંધીનગર સુધી પહોંચતા સરકારના શ્રમ આયોગ વિભાગે કોર્પોરેશનને પત્ર લખીને તમામ વિગતો માંગી છે. આ અંગે યોગ્ય તપાસ થાય અને ગોલમાલ સાબિત થાય તો પગલા લેવા સહિતની શકયતા વ્યકત કરવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ આવા કર્મચારીઓને રૂા. ૭ હજારથી રૂા. ૧૧ હજાર સુધીનો આપવામાં આવી રહ્યો છે. જેની સામે કોર્પોરેશન દ્વારા સરકારના નિયમ મુજબ વેતન ચુકવવામાં આવી રહ્યું છે. પરંતુ નોકરી જવાની બીકે કોઇ જાહેરમાં ફરિયાદ કરતું નથી. એજન્સી પાસેથી આઉટસોર્સિંગના રસ્તે રોકવામાં આવતા કર્મચારીઓનો પગાર સહિતના લાભ આપવાની જવાબદારી કોન્ટ્રાકટરની હોય છે. પરંતુ આવી રીતે કામ કરતા બે હજારથી વધુ કર્મચારીઓને પુરતો પગાર, પ્રોવિડન્ડ ફંડ સહિતના લાભો મળતા નહીં હોવાની સતત કરાતી ફરિયાદ પરથી સરકારે પુછાણ કરતા દોડધામ મચી છે. આ શોષણની ફરિયાદો તાજેતરમાં આવેલી શ્રમ વિભાગની ટીમ પાસે પણ

# રાજકોટ જિલ્લામાં રેશનકાર્ડ ઈ.કે.વાય.સી.ની હજુ માત્ર 30 ટકા જ કામગીરી પૂરી થઈ !




### પૂરવઠા વિભાગે કર્મચારી ઓની ફોજ ઉતારી છતા...સૌથી ધીમી કામગીરી

રાજકોટ,તા.૨૦

કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્ય સરકારને રેશનકાર્ડ ધારકોને ઇ-કેવાયસી ફરજિયાત કરવામાં આવી છે. જે રેશનકાર્ડ ધારકોએ ઇ - કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ નહીં કરે તે રેશનકાર્ડ ધારકોને બે વસ્તુ મળતી બંધ થઈ જશે નિયમ અનુસાર જો રેશનકાર્ડ ધારકો ઇ-કેવાયસી છે.રાજકોટના ૩૭ લાખ રેશનકાર્ડ મેમ્બર માંથી માત્ર ૧૧ લાખ જેટલા જ લોકોએ ઇ- કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ કરવા આવી છે. એટલે કે હાલ રાજકોટ જિલ્લામાં માત્ર 30 ટકા જેટલી જ કામગીરી પૂર્ણ થાય છે હજી પણ ૭૦ ટકા જેટલી કહેવાય છે ને કામગીરી બાકી છે.

આજે પણ ૨૬ લાખથી પણ વધુ રેશનકાર્ડ ધારકો ઇ- કેવાયસી કરવામાં બાકી છે.સૌથી ધીમી કામગીરી રાજકોટ શહેરમાં સૌથી ઝડપી કામગીરી જામકંડોળામાં ૫૬ ટકા E- KYC કામગીરી પૂર્ણ થઈ પુરવઠા વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર રાજકોટ શહેર અને જિલ્લામાં ૧૦ લાખ રેશનકાર્ડ ધારકો છે જેમના સભ્ય ૩૭ લાખથી પણ વધુ થાય છે.

જેમાં હાલ ૧૧ લાખ જેટલા લોકોના ઇ-કેવાયસીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ૩૧ ડિસેમ્બર ઇ-કેવાય કરવા માટેની અંતિમ તારીખે પણ થોડા સમય પહેલા જ રાજ્ય સરકાર દ્વારા ઇ-કેવાયસી કરવા માટેનો સમય વધારવામાં આવ્યો છે. હાલ શિક્ષકો તલાટી મંત્રી તેમજ આંગણવાડી બહેનો સહિતના કર્મચારીઓને ઇ કેવાવાયસીની કામગીરી સોંપવામાં આવી છતાં પણ કામગીરી ખૂબ જ ધીમી ચાલી રહી છે.

# ગત વર્ષનો ડિસેમ્બર હુંફાળો... તો ચાલુ વર્ષનો ભારે ઠંડોબોળ!



રાજકોટ તા.૨૦

ગ્લોબલ વોર્મિંગની અસર હેઠળ સર્વત્ર હવામાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. જયાં બારેમાસ ગરમી હોય ત્યાં ભારે વરસાદ અને વરસાદ હોય ત્યાં હવે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાવા લાગી છે.

રાજકોટની જ વાત કરીએ તો રાજકોટ શહેરમાં ગત વર્ષે ડિસેમ્બર માસ માત્ર હુંફાળો રહ્યો હતો. તેની સામે ચાલુ વર્ષે ચાલી રહેલા ડિસેમ્બર માસ દરમ્યાન આજ સુધીમાં રાજકોટ શહેરમાં સિંગલ ડીઝીટમાં પાંચ વખત તાપમાન નોંધાઈ ગયું છે. આથી કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

સ્થાનિક હવામાન વિભાગમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ચાલુ વર્ષે તા.૧૨ ડિસેમ્બરે માત્ર ૧૩ ડીગ્રી લોએસ્ટ તાપમાન નોંધાયું હતું અને આખા ડિસેમ્બર દરમ્યાન સરેરાશ ૧૫.૨ ડિગ્રી, લઘુતમ તાપમાન રહ્યુ હતું.તેની સાથે ચાલુ વર્ષે રાજકોટમાં ડિસેમ્બરની શરૂઆતથી જ તિવ્ર ઠંડી પડી રહી છે. ચાલુ વર્ષે પાંચ વખત સિંગલ ડીઝીટમાં તાપમાન નોંધાઈ ચૂકયું છે અને હજુ પણ કોલ્ડ વેવની આગાહી હોય સિંગલ ડીઝીટ તાપમાનની સંખ્યા વધી શકે છે.

# રૈયા સર્વે નં. ૧૫૬ પૈકીની કરોડો રૂપિયાની જમીન પર ખડકાયેલા ચકચારી દબાણો હટાવાયા




## ૧૯ દબાણકર્તાઓને પંદર દિવસમાં દબાણો હટાવી દેવા આખરી નોટીસો ફટકારી

રાજકોટ, તા. ૨૦

તાજેતરમાં જ જિલ્લા કલેકટરની સુચના મુજબ રાજકોટ શહેર પશ્ચિમ મામલતદાર તંત્રએ રૈયા સર્વે નં. ૧૫૬ પૈકીમાં આવેલી કરોડો રૂપિયાની કિંમતની સરકારી જમીન ઉપર અમુક વગદાર અને રાજકીય ઓથ ધરાવતા તત્વોએ ૭ થી ૮ કોમર્શિયલ દબાણો ખટકી દીધા હતા. આ દબાણો ઉપર મામલતદારે બુલડોઝર ફેરવી દઈ રૂા. ૫૦ કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાવી દીધી હતી.

ઉલ્લેખનીય છે કે ઉપરોકત સર્વે નંબરની જ હજુ ૪ થી ૫ હજાર ચો.મી. જમીન કે જેની કિંમત પણ કરોડો રૂપિયામાં થવા જાય છે. તેની ઉપર પણ હજુ ૪૦ થી ૫૦ જેટલા રહેણાંક મકાનનાં દબાણો છે. તેને પણ હટાવવામાં હવે રેવન્યુ તંત્ર એ તજવીજ શરૂ કરી છે અને આજરોજ રૈયા સર્વે નં. ૧૫૬ પૈકીમાં ગેરકાયદે ખડકાયેલા ૧૯ મકાનોને દબાણો સ્વૈચ્છિક રીતે હટાવી દેવાની નોટીસો ફટકારી છે.

ઉપરોકત જમીન ઉપર ૧૦૦ થી ૪૦૦ વાર જેટલા જુદા જુદા પ્લોટમાં મકાનો ઉભા કરી દેવાયા છે. આથી આ દબાણો હટાવવા હવે મામલતદાર તંત્રએ કલેકટરનાં આદેશ મુજબ કાર્યવાહી હાથ ધરી છે અને ૧૯ દબાણકર્તાઓને નોટીસો ફટકારી દીધી છે. મામલતદાર અજીતભાઈ જોશીનાં જણાવ્યા મુજબ જો આવતા પંદર દિવસમાં દબાણકર્તાઓ સ્વૈચ્છિક રીતે દબાણો નહીં હટાવે તો રેવન્યુ તંત્ર આ દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેશે.

**હજુ ૪ થી ૫ હજાર ચો.મી. જમીન કે જેની કિંમત પણ કરોડો રૂપિયામાં થવા જાય છે. તેની ઉપર પણ હજુ ૪૦ થી ૫૦ જેટલા રહેણાંક મકાનનાં દબાણો છે. તેને પણ હટાવવામાં હવે રેવન્યુ તંત્ર એ તજવીજ શરૂ કરી છે**



## જો આવતા પંદર દિવસમાં દબાણકર્તાઓ સ્વૈચ્છિક રીતે દબાણો નહીં હટાવે તો રેવન્યુ તંત્ર આ દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેશે

### મહારાષ્ટ્ર પેટર્ન મુજબ ત્રણ વર્ષનુ મોડલ નકકી કરવા વિચારણા

# વિવાદ ઉકેલાશે! જંત્રીદરમાં દર વર્ષે ૨૫ ટકાના વધારાની ફોર્મ્યુલા

### રાજ્યભરમાં ઉઠેલા વિરોધ વંટોળ વચ્ચે વાંધાસૂચનોની ચકાસણીની સાથોસાથ કાયમી ઉકેલ લાવવાનો વ્યુહ




અમદાવાદ,તા.૨૧

રિયલ એસ્ટેટ ડેવલપર્સ અને જાહેર જનતાના પ્રચંડ વિરોધને ધ્યાનમાં લેતા ગુજરાત સરકાર જંત્રીના દરોમાં આગામી ત્રણ વર્ષ સુધી સમયાંતરે વધારો કરવાની દરખાસ્ત રજૂ કરવા વિચારી રહી છે. આમ તો જંત્રીના નવા દરો જાહેર થઈ ચૂક્યા છે પરંતુ કેટલાક વિસ્તારોમાં તો ૧૦૦ ટકા કરતા પણ વધુ વધારો કરાયો છે.

આ તમામ સંજોગોને ધ્યાનમાં લેતા રાજ્ય સરકાર મહારાષ્ટ્રની જેમ આગામી ત્રણ વર્ષ માટે પ્રત્યેક વર્ષે જંત્રીના દરોમાં ૨૫ ટકાનો વધારો કરવા વિચારી રહી છે. રાજ્ય સરકારે સત્તાવાર રીતે ગત ૨૦ નવેમ્બરના રોજ જંત્રીના દરો જાહેર કર્યા હતા. સરકારે આ દરોને જાહેર જનતા માટે પબ્લિક ડોમેઈનમાં મૂક્યા હતા અને તમામ સંબંધિત પક્ષકારો પાસેથી તેને લગતા વાંધા-વિરોધ અને સૂચનો પણ મંગાવ્યા હતા.આ દરો સામે વાંધો-વિરોધ નોંધાવવા માટે આરંભમાં એક મહિનાની મુદત આપવામાં આવી હતી, પરંતુ સંબંધિત પક્ષકારોએ સૂચનો આપવા માટે મુદતમાં વધારો કરવાની માંગ કરતા આ મુદત વધારીને ૨૦ જાન્યુઆરી સુધીની કરી દેવામાં આવી હતી.

આ સમયગાળા દરમિયાન સરકારને ઘણી બધી ફરિયાદો મળી હતી. જેમાં પક્ષકારોએ વાંધો ઉઠાવ્યો હતો કે જાહેર કરાયેલા જંત્રીના દરો તદ્દન ગેરવાજબી અને બિન-તાર્કિક છે અને તેમાં આડેધડ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.રિયલ એસ્ટેટ ડેવલપર્સની સંસ્થા ક્રેડાઈ પણ નવા જંત્રીના દરો સામે સખત વાંધો ઉઠાવ્યો હતો અને માંગ કરી હતી કે સૂચનો અને વાંધા-વિરોધ નોંધાવવા માટેની મુદત વધારીને ૩૧ માર્ચ સુધીની કરાય.

ક્રેડાઈએ કહ્યું હતું કે, રાજ્યમાં ૪૦,૦૦૦ જેટલા વેલ્યૂ ઝોન આવેલા છે અને તેનો અભ્યાસ હાથ ધરવાનો હવે સમય પાકી ગયો છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા દરો ડેવલપર્સને તો અસર કરશે જ પરંતુ તેનાથી ખેડૂતોને પણ મોટુ નુકસાન થઈ શકે છે. જાહેર કરાયેલા દરોના માળખાનો એકવાર વિગતવાર અભ્યાસ પૂર્ણ થાય ત્યારબાદ તેની રજૂઆત કરવા માટે પણ વધુ સમયની જરૂર પડશે.

જંત્રી સામે સરકારને ૫૩૦૨ વાંધા-સુચનો મળ્યા, મુખ્યમંત્રી દ્વારા સમીક્ષા મુદત વધારો નહિં અપાયઃ ગુજરાતમાં સરકારે જાહેર કરેલા નવા સુચિત જંત્રીદર વધારા સામે રાજ્યવ્યાપી વિરોધ વંટોળ ઉઠયો જ છે અને વાંધા સુચનોના ઢગલા થયા છે. રાજ્ય સરકાર સમક્ષ અત્યાર સુધીમાં ૫૩૦૨ વાંધા રજુ થયા છે તેની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી.

સુત્રોના કહેવા પ્રમાણે વાંધા સુચનો મંગાવવાની મહેતલ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ ની કરી દેવામાં આવી છે. તેમાં કોઈ વધારો કરવામાં નહી આવે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યાર સુધીમાં આવેલા ૫૩૦૨ વાંધા સુચનોની સમીક્ષા કરી હતી અને તેની સ્થાનિક તંત્ર સાથે ચકાસણી કરવા સુચના આપી હતી. ઓફલાઈન વાંધા માટે છેલ્લા એકાદ સપ્તાહથી જ છુટ મળી હતી.

એટલે તે સંખ્યા માત્ર ૪૦૦ ની જ હતી. આવતા દિવસોમાં તેમાં મોટો વધારો થવાનું માનવામાં આવી રહ્યું છે. સુત્રોએ કહ્યું કે વાંધા સુચનોની ચકાસણીમાં જ લાંબો સમય લાગી શકે છે અને ત્યારબાદ જ જંત્રીદર લાગુ કરવાનો નિર્ણય થશે.આજે તમામ કલેકટર જીલ્લા વિકાસ અધિકારીઓની બેઠક છે તેમાં પણ જંત્રી મુદ્દે ચર્ચા થવાની સંભાવના છે.

# ગુજરાતમાં ભારે વરસાદથી કૃષિ નુકશાની પેટે ૭.૧૫ લાખ ખેડુતોને ૧૩૭૨ કરોડ ચુકવાયા

### સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, મોરબી, જામનગર, રાજકોટ, જુનાગઢના ખેડુતોને લાભ



ગાંધીનગર,તા.૨૦

રાજ્યમાં ગત જુલાઈમાં ૯ જિલ્લામાં ભારે વરસાદથી નુકશાન થતાં ખેડૂતો માટે રૂ. ૧૮૭.૩૭ કરોડ અને ત્યારબાદ ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં થયેલા ભારે વરસાદને કારણે ૨૦ જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો માટે ૧૧૮૪.૬૬ કરોડ મળીને આઠ માસ દરમ્યાન થયેલા ભારેથી અતિભારે વરસાદથી ખેડૂતોને જે નુકશાન થયું હતું. તેમાં કુલ ૧૩૭૨.૦૩ કરોડની સહાય સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. પાક નુકશાન માટે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના ૩૮.૯૮ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૬૨૦૪ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગત જુલાઈ માસમાં થયેલા ભારે વરસાદથી જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જેવા ૯ જિલ્લાના ખેડૂતોને ખેતી અને ખેતીની જમીનને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું હતું.

ગુજરાત સરકારે આવા અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવા માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી હતી અને ૩૦મી, ઓગસ્ટથી ૩૦મી, સપ્ટેમ્બર દરમિયાન ખેડૂતો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી.

જેમાં મળેલી અરજીઓ પૈકી ૧.૨૨ લાખથી વધુ ખેડૂતોને નિયમો અનુસાર મળવાપાત્ર સહાય ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વધારાની રૂ. ૪૨.૮૫ કરોડની સહાય મળીને કુલ રૂ. ૧૮૭.૩૭ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

આ ઉપરાંત ગત ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસ દરમિયાન થયેલા ભારે વરસાદમાં પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, ખેડા, આણંદ, વડોદરા, મોરબી, જામનગર, તાપી, કચ્છ, દાહોદ, રાજકોટ, ડાંગ, અમદાવાદ, ભરૂચ, જૂનાગઢ, સુરત, પાટણ અને છોટા ઉદેપુરને મળી કુલ ૨૦ જેટલા અસરગ્રસ્ત જિલ્લાઓ માટે પણ ખાસ કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું.

આ ખાસ કૃષિ રાહત પેકેજ માટે આ જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો પાસેથી પણ ૨૫મી,

### રિલાયન્સ મોલમાં યુવાનને અજાણ્યા શખ્સોએ માર માર્યો

શહેરના કાલાવડ રોડ પર રહેતો યુવાન રીલાયન્સ મોલમાં હતો ત્યારે અજાણ્યા શખ્સોએ માર મારતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ પર કટારિયા ચોકડી પાસે હાઉસીંગ બોર્ડ કવાર્ટરમાં રહેતો જતીન રમેશભાઈ પરમાર (ઉ.વ.૨૩) નામનો યુવાન ગત રાત્રે રિલાયન્સ મોલના ઉપરના માળે હતો ત્યારે અજાણ્યા માણસોએ આવી કૌટુંબીક ભાઈ પ્રદિપ સાથે ઝઘડો કરતા હતા જેથીતે વચ્ચે પડતા અજાણ્યા શખ્સોએ તેને ઢીકાપાટુનો માર મારતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

### વધુ બિલ આવતા હોવાના દાવા સાથે ગ્રાહકો સ્માર્ટમીટર લગાવવા તૈયાર થતા નથી

# બે ટકા રીબેટ છતાં સ્માર્ટ મીટરમાં PGVCLનો છેલ્લો ક્રમ

### ગુજરાતમાં કુલ ૨.૯૬ લાખ સ્માર્ટ મીટર લાગ્યા; પીજીવીસીએલ હેઠળનાં સૌરાષ્ટ્ર – કચ્છમાં માત્ર ૨૯૦૨૩



રાજકોટ,તા.૨૧

રાજકોટ સહીત રાજયભરમાં વિજ કંપનીઓએ દાખલ કરેલી સ્માર્ટ મીટર યોજનાનો ફિયાસ્કો થયા જેવો ઘાટ છે. આડેધડ બીલ આવતા હોવાના-નાણા કપાત થતા હોવાના દાવા સાથે સ્માર્ટમીટર લગાવવા બે ટકા રાહત આપતી હોવા છતાં સ્માર્ટ મીટર લગાવવા ગ્રાહકો તૈયાર થતા નથી. વિજ કંપનીઓ ઓનર્જી ચાર્જમાં બે ટકા રાહત આપતી હોવા છતાં સ્માર્ટ મીટર લગાવવામાં સૌરાષ્ટ્ર-કચ્છમાં માત્ર ૨૯૦૨૩ સ્માર્ટ મીટર જ લગાવી શકી છે. સમગ્ર રાજયમાં કુલ ૨,૯૬,૦૦૪ સ્માર્ટ મીટર લાગ્યા છે.ઉતર ગુજરાત વિજ કંપની (યુજીવીસીએલમાં સૌથી વધુ ૧૪૬૮૦૫ એમજીવીસીએલમાં ૬૫૦૫૨ તથા પીજીવીસીએલમાં ૫૫૧૨૪ સ્માર્ટ મીટર લાગ્યા છે.

સ્માર્ટ મીટર યોજના હેઠળ વિજબીલનાં એનર્જી ચાર્જમાં બે ટકાનું રીબેટ આપતુ હોવા છતા ગ્રાહકોમાં રસ ઉભો થતો નથી. યુનિટદીઠ ૩.૫૦ રૂા.એનર્જીનાં ચાર્જમાં ગ્રાહકોને બે ટકાની માફી મળે છે.

રાજયની વીજ વિતરણ પ્રણાલીમાં પરિવર્તન લાવવા અને આધુનિક બનાવવાના હેતુથી ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ હેઠળ એક નોંધપાત્ર પહેલ સ્માર્ટ મીટરીંગ પ્રોજેકટ સમગ્ર દેશના અન્ય રાજયોની સાથે ગુજરાતમાં પણ અમલમાં મુકવામાં આવી રહ્યો છે.આ પ્રોજેકટ વીજ પુરવઠાની કાર્યક્ષમતા વિશ્વસનીયતા અને પારદર્શીતા વધારવા માટે અદ્યતન ટેકનોલોજીના લાભથી ગ્રાહકોને ડેટા અને તેમના ઉર્જા વપરાશ પર નિયંત્રણ રાખવા માટે સશકત બનાવે છે.

# સુરત - બેંગકોકની સીધી ફ્લાઈટ સેવાનો પ્રારંભઃ સપ્તાહમાં ચાર દિવસ ઉડાન ભરશે




સુરત,તા.૨૦

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી આવતીકાલે સુરત - બેંગકોકની ફલાઈટ શરૂ થનાર છે. જેને રેકોર્ડ બ્રેક સફળતા મળી છે. પહેલી ફલાઈટમાં સંપૂર્ણ ફલાઈટ હાઉસ ફુલ થઈ ગઈ છે.

પહેલીવાર સુરતથી શરૂ થતી ઈન્ટરનેશનલ ફલાઈટ પહેલા જ દિવસ માટે ફૂલ થઈ ગઈ હોય એવી પ્રથમ ઘટના છે. સુરત-બેંગકોકની ફલાઈટ વિકમાં ચાર દિવસ ઓપરેટ થનાર છે. સોમ, બુધ, શુક્ર અને રવિવારે આ ફલાઈટ સવારે ૯૩૫ એ સુરત એરપોર્ટ ખાતેથી ટેકઓફ થશે અને બપોરે ૩૩૫ કલાકે બેંકકોક ખાતે પહોંચશે.

બેંગકોકથી સાંજે સાડા ચાર વાગે ટેકઓફ થઈ ફ્લાઈટ સાડા સાત વાગે સુરત એરપોર્ટ ખાતે લેન્ડ થશે. શરૂઆતમાં ફ્લાઈટની ટિકિટ ઓછી બુકિંગ થતાં એર ઈન્ડિયા એક્સપ્રેસના અધિકારીઓ સુરત આવી ગયા હતા.

પરંતુ ત્યારબાદ સારો રિસ્પોન્સ મળતા સવારે તેને સી ઓફ કરવા માટે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે. બેંગકોક જતા પર્યટકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

# GIDCને જમીન ફાળવણી નીતિમાં સુધારોઃ ૧૧૯ તાલુકામાં ઔદ્યોગિક જંત્રીના દરે જમીન મળશે

ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સહિતના તમામ ઉદ્યોગોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને ઔદ્યોગિક વસાહત માટે જમીન ફાળવણી કરવાની નીતિમાં જરૂરી સુધારો કરીને, GIDC માં ઉદ્યોગોને જમીન ફાળવવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે.



પ્રવક્તા મંત્રીએ વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યની ઔદ્યોગિક વસાહતો માટે સરકારી પડતર જમીન ને તબદીલ કરવામાં આવે છે અને GIDC દ્વારા આ જમીન ઉદ્યોગોને ફાળવવામાં આવે છે.

હાલની પદ્ધતિ અનુસાર જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતા હેઠળની કમિટી દ્વારા સરકારી જમીનના ભાવ નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ નક્કી થયેલા ભાવે પડતર જમીન GIDCને ફાળવવામાં આવે છે.

આ પ્રક્રિયા બાદ ઘણા કિસ્સામાં જમીનના દર હયાત દર કરતા વધુ થતા હોવાનું ધ્યાને આવ્યું હતું. આવી તમામ સમસ્યાઓના નિકાલ માટે ગુજરાત સરકારે જમીન ફાળવવાની આ પ્રક્રિયાને વધુ સરળ બનાવી છે. હવે ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત ઉદ્યોગ અને ખાણ વિભાગે કરેલા વર્ગીકરણ પ્રમાણે કુલ ૩ કેટેગરીમાં GIDCને સરકારી પડતર જમીન ફાળવવામાં આવશે.

જે મુજબ કેટેગરી-૧માં સમાવિષ્ટ ૧૧૯ તાલુકાની લઘુ વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના દરે જ જમીન ફાળવવામાં આવશે. આ ઉપરાંત કેટેગરી-૨માં સમાવિષ્ટ ૭૬ તાલુકાની મધ્યમ વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૨૫ ટકા દરે, જ્યારે કેટેગરી-૩માં સમાવિષ્ટ ૫૬ તાલુકાની વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૫૦ ટકા દરે જમીન ફાળવવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયના પરિણામે ઔદ્યોગિક વસાહત માટે સરકારી પડતર જમીન ફાળવવા માટેની પ્રક્રિયા વધુ સરળ બનશે, સમયનો વ્યય અટકશે તેમજ તમામ GIDC વચ્ચે જમીન ફાળવણી અને તેના વિકાસની સમાનતામાં પણ વધારો થશે.

## ઝૂંપડામાં રહેતી ૧૪ વર્ષની સગીરાનું અપહરણ, માતાએ ફરિયાદ નોંધાવી

રાજકોટ શહેરના વાવડી વિસ્તારમાં રહેતી પરપ્રાંતીય સગીરા ઘરેથી નીકળ્યા બાદ પરત ન આવતા સગીરાની માતાએ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.વધુ વિગત મુજબ, મૂળ મધ્યપ્રદેશ, હાલ વાવડી વિસ્તારમાં માતા-પિતા સહિત પરિવાર સાથે રહેતી.૧૪ વર્ષની સગીરા ગઈ કાલે પોતાના ઘરેથી નિકળ્યા બાદ પરત ન આવતા તેના પરિવારજનોએ આસપાસ સગા સંબંધીને ત્યાં તપાસ કરતા સગીરાનો કોઈ પતો ન લાગતા સગીરાની માતાએ તાલુકા પોલીસમાં જાણ કરતા પોલીસે સગીરાની માતાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ વિરૂધ્ધ અપહરણની કલમ હેઠળ ગુનો દાખલ કરી પી.એસ.આઈ. એચ.એમ. મહારાજે તપાસ હાથ ધરી છે.

# મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે "પોષણ ઉત્સવ-૨૦૨૪" ગાંધીનગર ખાતેથી રાજ્યવ્યાપી શુભારંભ

## રાજ્યભરમાં ટેક હોમ રાશન અને શ્રી અન્નમાંથી બનતી વિવિધ પૌષ્ટીક વાનગીઓની ચાર ભાગમાં સ્પર્ધા યોજાશે





### ૫૭ આંગણવાડી કેન્દ્રો નંદઘર તથા ત્રણ ઘટકોનું ઈ-લોકાર્પણ તેમજ ઈ-ભૂમિપૂજન

રાજકોટ, તા.૨૧

પોષણ ઉત્સવ-૨૦૨૪"નો ગાંધીનગર ખાતેથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવતા મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, દેશને વિકસીત ભારતના નિર્માણમાં સશક્ત મહિલા અને સ્વસ્થ બાળકની મહત્વની ભૂમિકા રહેલી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "સહી પોષણ, દેશ રોશન ના સુત્રને સાર્થક કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં "પોષણ ઉત્સવ-૨૦૨૪" નો શુભારંભ કરવામાં આવ્યો છે.

"પોષણ ઉત્સવ-૨૦૨૪" વિશે માહિતગાર કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ ઉત્સવ ચાર ભાગમાં યોજવામાં આવશે. જેમાં રાજ્ય કક્ષાએ, દરેક ઝોન કક્ષાએ, તમામ જિલ્લા-મહાનગરપાલિકા, ઘટક તેમજ સેજા કક્ષાએ યોજાશે. આંગણવાડીના માધ્યમથી લોકોમાં અને ખાસ કરીને મહિલાઓને મિલેટ એટલે કે, શ્રી અન્ન તેમજ સરગવા જેવા ઘરઆંગણે સરળતાથી મળતા પૌષ્ટીક ખાદ્યો અને તેના પોષણના મહત્વ અંગે જાગૃત કરી તેના વધુ ઉપયોગ અંગે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ ઉપરાંત સરગવામાંથી બનાવવામાં આવતી વિવિધ પ્રકારની વાનગીઓની માહિતીસભર મોરિંગા સરગવાની વાનગીઓ પુસ્તકનું મંત્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મંત્રીના હસ્તે પ્રધાનમંત્રી જનજાતિ ન્યાય મહાઅભિયાન યોજના તથા સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત આદિમ જનજાતિ ધરાવતા વિસ્તારમાં નવનિર્માણાધિન ૫૭ આંગણવાડી કેન્દ્રો નંદઘર તથા ત્રણ ઘટક કચેરીનું ઈ-લોકાર્પણ અને ઈ-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના જિલ્લા પંચાયત પ્રમુખ શિલ્પાબેન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ, જયંતિભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખ અનિલભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ગૌરાંગ પટેલ, સહિત સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકો હાજર રહ્યા હતા.

# આજ થી રાજકોટ ખાતે બે દિવસીય જીએસટી કોન્ફરન્સનો પ્રારંભ

### ધી ઈન્ડિસ્ટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજનઆઈસીએઆઈ ભવનમાં તજજ્ઞો માર્ગદર્શન આપશે

રાજકોટ,તા.૨૦


ધી ઈન્ડિસ્ટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા રાજકોટ ખાતે જીએસટી અંગે તા.૨૧ અને તા.૨૨ ડિસેમ્બર-૨૪ બે દિવસીય નેશનલ કોન્ફરન્સનું આયોજન કરાયું કાલે તા.૨૧ને શનિવારે સવારે ૯ કલાકે આઈસીએઆઈ ભવન ખાતે કોન્ફરન્સનો પ્રારંભ થનાર છે.તા.૨૧ને શનિવારે સવારે સીજીએસટીનાં જોઈન્ટ કમિશ્નર હિતેષ જળુ, જીએસટીનાં સીસીએમ સી.એ.સુશીલકુમાર ગોયલ. જે.કે.મીતલ (ન્યુ દિલ્હી) ભારત રાઈચંદ્રાણી બ પ ા ` ર બ ા દ સી.એ.વી.એમ.સુધીર (હૈદરાબાદ) જીએસટી અંગે




માર્ગદર્શન આપશે બીજા દિવસે તા.૨૨નાં રોજ પ્રથમ સેશન્સમાં અવિનાશ પોદાર (સુરત) બીજા સેશન્સમાં સી.એ.બીમલ જૈન (નવી દિલ્હી) ત્રીજા સેશન્સમાં સી.એ.શરદ અનડા સી.એ.બીમલ જૈન, અવિનાશ પોદાર માર્ગદર્શન આપશે.નેશનલ કોન્ફરન્સમાં સી.એ.સુશીલકુમાર ગોયલ, રાજકોટ બ્રાંચનાં ચેરમેન સી.એ.મીતલ મહેતા સી.એ.શરદ અનડા ઉપસ્થિત રહેશે.

# ઘેલા સોમનાથ મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વધુ આકર્ષક બનાવવા સૂચનાઓ આપતાં મંત્રી કુંવરજી બાવળીયા

## મંદિરની આજુબાજુના વિસ્તારની મુલાકાત કરીને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી





રાજકોટ તા.૨૧

ગુજરાત સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ વિંછીયા તાલુકાના સોમપીપળીયા ગામમાં આવેલા પૌરાણિક ઘેલા સોમનાથ મંદિરના વિકાસકાર્યો અંગે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી હતી. આ તકે કેબિનેટ મંત્રીશ્રીએ ઘેલા સોમનાથ મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વધુ આકર્ષક બનાવવા સૂચનાઓ આપી હતી. તેમજ મંદિરની આજુબાજુના વિસ્તારની મુલાકાત લઈને અને નકશાનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરીને લાઈટ એન્ડ સાઉન્ડ શોનું આયોજન કરવા, નદીકિનારે ઘાટ બનાવવા, યાત્રાળુઓના રહેવા-જમવાની સુવિધાઓમાં વધારો કરવા સહિતની બાબતો વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.ઉલ્લેખનીય છે કે મંત્રીશ્રીએ મીનળદેવીજી અને ઘેલા સોમનાથ મહાદેવજીના મંદિરોમાં દર્શન કર્યા હતા. આ વેળાએ જસદણ તાલુકા મામલતદારશ્રી એમ.ડી.દવે, ટેકનિકલ સપોર્ટર શ્રી નેલશનભાઈ મોટેલીયા અને શ્રી પરેશભાઈ વ્યાસ સહિત અધિકારીઓ, કર્મચારીઓ, ટ્રસ્ટીઓ, આર્કિટેક, એન્જિનિયર ઉપસ્થિત રહ્યાં હતાં.

# સુરતનો સુવાલી બીચ બનશે નવું ટુરિસ્ટ સ્પોટ, આજથી ત્રિદિવસીય ફેસ્ટિવલનો પ્રારંભ



અહેવાલઃ કાર્તિક બાવીશી

સુરતઃ ગુજરાતીઓ બીચની મજા માણવા માટે ગોવા કે દીવ જવાનું પસંદ કરતા હોય છે. જો કે, હવે બીચની મજા માણવા માટે ગુજરાતમાં જ એક નવું સ્પોટ આકાર લઈ રહ્યું છે. સુરતના સુવાલી બીચને વર્લ્ડ ક્લાસ બીચ બનાવવા માટે વિકાસ કામનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. લોકો બીચથી રૂબરૂ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સતત બીજા વર્ષે બીચ ફેસ્ટિવલનું આયોજન કર્યું છે. આજથી શરૂ થઈ રહેલા ત્રિદિવસીય બીચ ફેસ્ટિવલમાં લોકો માટે અહીં ખાણીપીણીની સાથે ભરપૂર મનોરંજન માણી શકશે. કિંજલ દવે, ગોપાલ સાધુ જેવા કલાકારો પ્રવાસીઓને ડોલાવશે. સુરતના સુવાલી બીચ પર રાજ્ય સરકાર દ્વારા સતત બીજા વર્ષે સુવાલી બીચ ફેસ્ટિવલનું આયોજન કરાયું છે. જેનું આજે કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે. બીચ ફેસ્વિટવમાં આજે પ્રથમ દિવસે રાત્રે લોકગાયિકા કિંજલ દવેનો કાર્યક્રમ યોજાશે. ૨૧મી તારીખે ગોપાલ સાધુનો લોક ડાયરો અને ૨૨મી તારીખે સ્થાનિક કલાકારો તરફથી ગઝલ સંધ્યા અને ટેરીફિક બેન્ડના લાઈવ શોનું આયોજન કરાયું છે. આ ઉપરાંત ફેસ્ટિવલની મજા માણવા આવનારા પ્રવાસીઓ ઊંટ અને ઘોડેસવારી, ફુડ કોર્ટ, ક્રાફ્ટ સ્ટોલ, ફોટો કોર્નર, દેશી અને પરંપરાગત રમતો જેવા વિશેષ આકર્ષણો સાથે પ્રવાસીઓ દરિયાઈ ખુશનુમા માહોલમાં હરવા-ફરવાની સાથે ખાણીપીણીનીનો આનંદ માણી શકશે. સુવાલી બીચ ફેસ્ટિવલ માટે સહેલાણીઓને આવન જાવન કરી શકે તે માટે ગુજરાત વાહન વ્યવહાર વિભાગ તથા બી.આર.ટી.એસ સેલ સુરત મહાનગર પાલિકા દ્વારા સુરતના વિવિધ ૨૫ રૂટ ઉપરથી તા. ૨૦,૨૧ અને ૨૨મી ડિસેમ્બરે સુવાલી બીચ જવા માટે બસની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

સુવાલી બીચ કાર્યક્રમ સ્થળે અનિચ્છનીય બનાવ ન બને તે માટે ફાયર, તરવૈયા, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને આરોગ્યની ટીમો સ્ટેન્ડ બાય રાખવામાં આવશે. આ ઉપરાંત પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમન માટે વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. અલગ અલગ પાંચ પાર્કિંગના પ્લોટ ઉભા કરવામાં આવ્યા છે.

વન પર્યાવરણ મંત્રી મુકેશ પટેલે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા સુવાલી બીચના વિકાસ માટે અંદાજીત કુલ રૂ. ૨૮ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. જેમાં સૂચિત સર્કિટ હાઉસ, રોડ રસ્તા, પાણી, શૌચાલય, વીજળી સહિતની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જ્ઞ્રઉઅ- સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ગત બજેટમાં રૂ.૨૦ કરોડ સુવાલી બીચના વિકાસ માટે મંજૂર કરવામાં આવ્યા છે. સુવાલી બીચનો વિકાસ તબક્કાવાર ત્રણ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

સુવાલી બીચના વિકાસ કામોમાં સુવાલી બીચ સુધીનો ૧૦ મીટર પહોળો રસ્તો બનાવવામાં આવ્યો છે. જેની સાથે સુવાલી બીચ ખાતે ગેસ્ટ હાઉસ તેમજ શૌચાલયો બનાવવામાં આવશે. અહીં સાહસના શોખીનો માટે અહીં એડવેન્ચર્સ સ્પોર્ટ્સ છે, તો ભાતીગળ વસ્તુઓના ચાહકો માટે હસ્તકલાની વસ્તુઓ, વન વિભાગ તથા સખીમંડળોના સ્ટોલ્સ પણ ઉપલબ્ધ કરવામાં આવશે. બાળકોના મનોરંજન માટે વિશેષ આયોજન કરાયું છે. સુરતની સ્વાદપ્રિય જનતા માટે ફુડ કોર્ટની વ્યવસ્થામાં નાગલીની વાનગી-ડાંગી ડિશ-ઉંબાડિયુ જેવી પરંપરાગત વાનગીઓ સાથે વિવિધ વાનગીઓના ૧૦૦ ફુડ સ્ટોલ અને શોપીંગ માટે ક્રાફ્ટ સ્ટોલ ઉભા કરવામાં આવશે. પરિવાર-મિત્રો સાથે યાદોને કેપ્ચર કરવા ફોટો કોર્નર એટલે કે સેલ્ફી પોઈન્ટ તથા બાળકો માટે મનોરંજન ઝોન ઉભા કરાશે.

## દિલ્હીના પડઘા રાજકોટમાંઃ કોંગ્રેસનો વિરોધ પ્રદર્શન ૨૧ કાર્યકર્તાઓની ધરપકડ





રાજકોટઃ તા.૨૦ના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટના કાર્યકારી પ્રમુખ તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી મહેશભાઈ રાજપુતની આગેવાનીમાં રાજકોટ શહેર કોંગ્રેસ અનુસૂચિત ડિપાર્ટમેન્ટ તથા રાજકોટ શહેર કોંગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટ દ્વારા ત્રિકોણબાગ ચોક ખાતે ગૃહપ્રધાન અને સંસદ સભ્યની ગુડાગીરી સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો.

રાજકોટ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. તેમજ મહેશભાઈ રજપુત, ઓબીસીના કાર્યકારી પ્રમુખ નરેશભાઈ સાગઠીયા, ડિપાર્ટમેન્ટના ચેરમેન હાર્દિક પરમાર, ઓબીસી પ્રમુખ સુરેશભાઈ બથવાર, રાહુલ સોલંકી, શહેર પ્રમુખ સેવાદળ જગદીશભાઈ સાગઠીયા, કાર્યકર્તા હેમંતભાઈ સોઢા, કાર્યકર્તા રાજેશભાઈ બગડા, કાર્યકર્તા ભરતભાઈ પરમાર, અજયભાઈ રંગપરા, રમેશભાઈ મુછડીયા, આર.ડી.એ.એમ શહેર પ્રમુખ ગેલાભાઈ મુછડીયા, શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ ઉદય પરમાર સહિત ૨૧ કાર્યકર્તાઓની ધરપકડ કરવામાં આવી હતી.

## કલેકટર કચેરીમાં લેન્ડગ્રેબીંગની કામગીરી અટકી ; હવે નવી માર્ગદર્શિકા મુજબ સુનાવણી

### અલગથી ડિપાર્ટમેન્ટ તેમજ અરજદારો – પક્ષકારોની વન ટુ વન રૂબરૂ સુનાવણી હાથ ધરાશે કલેકટર તંત્ર દ્વારા રાજય સરકારનું મંગાતુ માર્ગદર્શન



રાજકોટ,તા.૨૧

લેન્ડગ્રેબીંગ એકટ અંગે ગુજરાત હાઈકોર્ટના ચુકાદા બાદ હવે નવી ગાઈડલાઈન જાહેર કરાયેલ છે. જે મુજબ હવે આગામી સમયમાં લેન્ડગ્રેબીંગના કેસોની સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. હાલ જીલ્લા કલેકટરને લેન્ડગ્રેબીંગની કામગીરી અટકે પડી છે.

રાજકોટ જીલ્લા કલેકટર તંત્ર દ્વારા લેન્ડગ્રેબીંગના કેસોની સુનાવણી માટે રાજય સરકારનું ખાસ માર્ગદર્શન માગવામાં આવેલ છે. કલેકટર તંત્રના સુત્રોએ જણાવ્યું હતું કે લેન્ડગ્રેબીંગના કેસો ચલાવવા માટે હાઈકોર્ટ દ્વારા અલગથી ડીપાર્ટમેન્ટ તૈયાર કરવા તેમજ અરજદારો પક્ષકારોની વન ટુ વન રૂબરૂ સુનાવણી હાથ ધરી સાંભળવા સહિતના નિયમોની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે.

લેન્ડગ્રેબીંગના કેસો માટે ખાસ સમિતીનું ગઠન અને અલગથી ડીપાર્ટમેન્ટમાં જરૂરી કર્મચારીઓનું મહેકમ રાખવા પણ તાકીદ કરવામાં આવી છે. રાજકોટ કલેકટર કચેરીમાં લેન્ડગ્રેબીંગના હાલ ૫૦થી ૫૫ જેટલા કેસો પેન્ડીંગ પડયા છે.

કલેકટર પ્રભવ જોશી દ્વારા હવે લેન્ડગ્રેબીંગના કેસોની નવી માર્ગદર્શીકા મુજબ જ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. આ માટે રાજય સરકારનું માર્ગદર્શન માગવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજયમાં લેન્ડગ્રેબીંગ એકટનો દુરૂપયોગ થઈ રહ્યાની ઉઠેલી ફરીયાદ બાદ આ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો જે બાદ હાઈકોર્ટ દ્વારા આ અંગે નવી એક માર્ગદર્શીકા જાહેર કરી દેવામાં આવેલ છે.

# એઈમ્સ હોસ્પિટલની ગેરરીતિ અને ભ્રષ્ટાચાર સામે કોંગ્રેસનો હલ્લાબોલ

## હોસ્પિટલના નિર્માણમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર, ભરતીમાં અનિયમિતતા, વહીવટી કાર્યોમાં ખામીઓ સહિતના મુદ્દે જરૂરી પગલા લેવા રજુઆત



રાજકોટ, તા.૨૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલભાઈ રાજાણી સહિતનાઓ દ્વારા એઈમ્સ હોસ્પિટલ પ્રોજેક્ટના નિર્માણમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર, ભરતીમાં અનિયમિતતા, હોસ્પિટલના વહીવટી કાર્યોમાં ખામીઓ અને તેને જાહેર કરવામાં વિલંબના કારણોને અનુલક્ષીને એઈમ્સ હોસ્પિટલ ખાતે હલ્લાબોલ તેમજ સુત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

રાજકોટ એઈમ્સ હોસ્પિટલ સૌરાષ્ટ્ર અને ગુજરાતની જનતા માટે આશીર્વાદરૂપ છે, પરંતુ રાજકીય લાભ ખાટવા ઉતાવળે શરૂ કરવામાં આવેલી એઈમ્સ હોસ્પિટલમાં બાંધકામથી માંડીને વહીવટી કામગીરી સુધીની અનેક ખામીઓ છે. જેના કારણે સૌરાષ્ટ્રના ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને હજુ પણ સુવિધાઓ માટે રાહ જોવી પડે છે.

અધૂરા બાંધકામ અને અધૂરી સુવિધાઓ સાથે શરૂ થયેલા આ પ્રોજેક્ટના નિર્માણમાં ટેન્ડરની શરતો મુજબના સમયગાળામાં જ ભ્રષ્ટાચાર, નબળી ગુણવત્તા અને કામ પૂર્ણ ન થવાના કારણે પણ અનેક ફરિયાદો ઉઠવા પામી છે. એઈમ્સ હોસ્પિટલના વહીવટમાં ભ્રષ્ટાચાર અને પરિવારવાદ, મહિલાઓની પજવણી અને ભરતીમાં ભ્રષ્ટાચારની ફરિયાદો પણ ઉઠી છે.

જે માટે આ હોસ્પિટલની કાર્યપદ્ધતિ સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે. બાંધકામ દરમિયાન માળખાના કેટલાક ભાગો ધરાશાયી થયા હોવાનું અને છતને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. હોસ્પિટલમાં નિયુક્ત પાર્કિંગ વિસ્તારને હોસ્પિટલની ઈમારતથી દૂર રાખવામાં આવ્યો છે. જે ગંભીર રીતે ઘાયલ દર્દીઓને આવતા ભારે મુશ્કેલી ઉભી કરે છે. આ અંગે યોગ્ય વ્યવસ્થા કરવી. હોસ્પિટલની સ્થાપનાના ૪ વર્ષ બાદ પણ સુપર સ્પેશિયાલિટી સેવાઓ વચન મુજબ શરૂ કરવામાં આવી નથી. જેથી સૌરાષ્ટ્રના દર્દીઓને અમદાવાદ કે અન્ય અદ્યતન સેન્ટરોમાં રીફર કરવા પડે છે. તેથી સામાન્ય દર્દીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે તેથી તરત જ સુપર સ્પેશિયાલિસ્ટ સેવાઓ શરૂ કરી દેવામાં આવી છે.

રાજકોટ શહેરથી હોસ્પિટલનું અંતર હોવાને કારણે દર્દીને હોસ્પિટલ સુધી પહોંચવું મુશ્કેલ છે, આથી દર્દીઓના સગાઓને રહેવા માટેની વ્યવસ્થા કરવામાં આવે. કેમ્પસમાં અથવા નજીકમાં દાખલ થયેલા દર્દીઓના દર્દીઓ અથવા સંબંધીઓ માટે રાતોરાત રોકાણ કરવું એ એક મોટો પડકાર છે. જેના માટે સુવિધાઓ ઉભી કરવામાં આવે છે. પીએમજેએવાય યોજના અંતર્ગત પેનલમાં હજુ સુધી સુવિધા આપવામાં આવી નથી. સારવાર માટે કોઈ આર્થિક લાભ નથી. આ અંગે વહીવટી ક્ષતિઓ દૂર કરી લાભ મેળવી રહ્યા છે. જો કે ડો.વિક્રમે ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે કોઇ એનઓસી રજૂ કરી નથી, તો ડોક્યુમેન્ટ વેરિફિકેશન કમિટીએ તેમને ઈન્ટરવ્યૂ માટે હાજર થવા માટે સ્ટેજ ક્લિયર કરવાની મંજૂરી કેમ આપી?

# માત્ર 3 નળ કપાત વધુ બે મિલ્કત સીલ

## ૬ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસઃ ૩૫.૧૩ લાખની રીકવરી



રાજકોટ, તા. ૨૧

રાજકોટ મનપા વેરા શાખાની વેરા વસુલાત ઝુંબેશમાં આજે માત્ર ત્રણ નળ કનેકશન કપાત સાથે બે મિલ્કત સીલ કરી બપોર સુધીમાં રૂા. ૩૫.૧૩ની રીકવરી કરી હતી. વેરા વસુલાત ઝુંબેશમાં આજે મોરબી રોડ, રઘુવીર પાર્ક, ગ્રીન લેન્ડ ચોકડી, શિવનગર સહિત ત્રણ સ્થળે નળ કનેકશન કપાત કરવામાં આવેલ. ગાંધીગ્રામ બંસરી કોમ્પ્લેક્ષ, શોપ-૧, કૃષ્ણનગર મેઈન રોડ, હરીઓમ એપાર્ટમેન્ટમાં શોપ નં.૯ સીલ કરવામાં આવેલ હતો.

અલગ અલગ વોર્ડના વિસ્તારોમાં સ્થળ ઉપર જ બાકી માંગણાની વસુલાત થઇ હતી.આજે બપોર સુધીમાં ૨ મિલ્કત સીલ, ૬ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ, ત્રણ નળ કપાત સાથે રૂા. ૩૫.૧૩ લાખની રીકવરી કરવામાં આવી હતી. તા. ૧-૪-૨૪થી આજ દિન સુધીમાં રૂા. ૩૨૬.૧૮ કરોડની વસુલાત કરવામાં આવી હતી.

# પીએચડીમાં પ્રવેશ પરીક્ષા પાસ ઉમેદવારોને પ્રવેશ આપવા કોંગ્રેસ વિદ્યાર્થી નેતાઓની કુલપતિને લેખીત રજુઆત

## એડમીશન સમયે પાસ થયેલ છાત્રોને અન્યાય



રાજકોટ,તા.૨૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમા પીએચ.ડી.ની પ્રવેશ પ્રક્રિયા એટલે વિવાદોનુ પર્યાય બની હોય તેમ દરવર્ષે કઈકને કઈક નવા નવા વિવાદો વકર્યા કરે છે તેમ પરંપરા જાળવતા આ વર્ષે પણ ૮૦% સીટો ખાલી રહેતા કોંગ્રેસના વિદ્યાર્થીનેતા કુલપતિને રજૂઆત કરીને નિર્ણય બદલાવવા ચિમ્કી ઉચ્ચારી હતી. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા પીએચ.ડી.માં એડમિશન માટે જીકાસ મારફત ઓનલાઈન ફોર્મ ભરવાનું ૧ ઓક્ટોબરથી શરૂ થઈ ગયું હતુ.

ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા મોડે મોડેથી ૫ ઓક્ટોબરના પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો કે જે વિદ્યાર્થીઓએ NET એટલે કે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ પરીક્ષા પાસ કરી હશે તેવા વિદ્યાર્થીઓને જ પીએચ.ડી.માં એડમિશન મળશે. જેનાથી ભૂતકાળમાં પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા પાસ કરી છે તેવા હજારો વિદ્યાર્થીઓએ પાસ કરેલી હતી તેઓની પરીક્ષા રદ થઈ ગઈ હતી.આ રીતે વિદ્યાર્થીઓના ભવિષ્યને દાવ ઉપર મૂકી અને ગાઈડસની ખટાવવાનો ખેલ યુનિવર્સિટીના સતાધિસોએ ખેલ્યો હતો તેવામાં NET ફરજિયાત હોવાને લીધે ૨૧૨ માંથી ૧૬૯ સીટ ખાલી રહી હતી અને ૫૫ સીટ જ ભરાઈ હતી.

ગુજરાતમાં સંભવત એકમાત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.માં એડમિશન માટે પ્રવેશ પરીક્ષા લેવામાં આવી ન હતી અને માત્ર NET પરીક્ષા પાસ કરેલી હોય તેવા વિદ્યાર્થીઓને જ એડમિશન આપવાનો કઠોર નિર્ણય કરાયો હતો. પરંતુ આ નિર્ણયને કારણે યુનિવર્સિટીમાં ૨૬ ભવનમાં ૨૧૨ માંથી ૧૬૯ સીટ ખાલી રહી. જેથી હવે જીસેટ અને જે.આર.એફ ની પરીક્ષા પાસ કરેલી હોય તેવા વિદ્યાર્થીઓને પણ એડમિશન મળશે તેવો નિર્ણય કરી પોતાના જ નિર્ણયમા જ કેમ પાછીપાની કરવી પડી છે તે મોટો સવાલ છે ! યુનિવર્સિટીએ ગઈકાલે નવો પરિપત્ર કર્યો કે ખાલી સીટો રહેતા હવે (ગુજરાત સ્ટેટ એલીજીબિલીટી ટેસ્ટ) અને ( જુનિયર રિસર્ચ ફેલોસીપ) ની પરીક્ષા પાસ કરેલી છે અને અગાઉ નેટ પરીક્ષા પાસ કરેલી છે તેઓને પણ પ્રવેશ આપીશુ તો અગાઉ જેઓએ પીએચ.ડી.માં એડમિશન માટે પ્રવેશ પરીક્ષા પાસ કરેલી છે અને ગાઈડના અભાવે પીએચ.ડી. નથી કરી શક્યા તેઓને વંચિત કેમ રાખવામા આવ્યા ? તેમની સાથે આ રીતે સીધો અન્યાય યુનિવર્સિટી દ્વારા કરવામા આવ્યો તે કદાપી ચલાવી લેવામા નહી આવે તેવુ વિદ્યાર્થી કાર્યકરોએ રજૂઆત કરી હતી.

# બોગસ દસ્તાવેજ કૌભાંડમાં મોટા માથા સુધી પહોંચવા માટે હું ખુદ તપાસ કરી રહ્યો છું: કલેક્ટર

**સમગ્ર દસ્તાવેજ કૌભાંડ બહાર આવ્યા બાદ તાત્કાલિક સબ રજીસ્ટાર કચેરીઓમાં સીસીટીવી નાખવા માટેના આદેશ આપી દેવામાં આવ્યા છે. સાથે જ કોન્ટ્રાક્ટ પર રહેલા કર્મચારીઓની પણ દર છ મહિને બદલી કરવા માટે એજન્સીને સૂચના પણ આપી દેવામાં આવી છે. તેમજ સબ રજીસ્ટાર કચેરીના અધિકારીઓને પણ સૂચના આપવામાં આવી છે કે કોન્ટ્રાક્ટર કે અન્ય કર્મચારીઓ પર સખત નજર રાખવી**



રાજકોટ શહેરમાં મિલકત સંબંધી ખુલેલા બોગસ દસ્તાવેજ કૌભાંડમાં પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે. જેમાં ૧૭ જેટલા બોગસ દસ્તાવેજ થયા હોવાનું સામે આવ્યું છે.

રાજકોટ શહેરમાં મિલકત સંબંધી ખુલેલા બોગસ દસ્તાવેજ કૌભાંડમાં પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે. જેમાં ૧૭ જેટલા બોગસ દસ્તાવેજ થયા હોવાનું સામે આવ્યું છે. બીજી બાજુ કલેક્ટર દ્વારા પણ તપાસ ચાલી રહી છે અને પ્રાંત અધિકારીને સમગ્ર ઘટનાની તપાસ પણ સોંપવામાં આવી છે. ત્યારે જીલ્લા કલેકટર પ્રભાવ જોશીએ જણાવ્યું હતું કે આ દસ્તાવેજ કોભાડ પર મારી પણ નજર છે. અને કર્મચારીઓને નહીં પણ મોટા માથા સુધી પહોંચવા માટે હાલ તપાસ ચાલી રહી છે. અને આગામી અઠવાડિયાની અંદર મુખ્ય સૂત્રધાર સામે કડક કાર્યવાહી થાય તે રીતે તપાસ ચાલી રહી છે.મારી પાસે પણ કેટલી ગેરનીતિની ફરિયાદો આવી છે તેમાં પણ આગામી દિવસોમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે સમગ્ર દસ્તાવેજ કૌભાંડ બહાર આવ્યા બાદ તાત્કાલિક સબ રજીસ્ટાર કચેરીઓમાં સીસીટીવી નાખવા માટેના આદેશ આપી દેવામાં આવ્યા છે. સાથે જ કોન્ટ્રાક્ટ પર રહેલા કર્મચારીઓની પણ દર છ મહિને બદલી કરવા માટે એજન્સીને સૂચના પણ આપી દેવામાં આવી છે. તેમજ સબ રજીસ્ટાર કચેરીના અધિકારીઓને પણ સૂચના આપવામાં આવી છે કે કોન્ટ્રાક્ટર કે અન્ય કર્મચારીઓ પર સખત નજર રાખવી.

કલેકટર પ્રભાવ જોશી દસ્તાવેજ કૌભાંડમાં રૈયા સર્વે નંબર અને મવડીની સર્વે નંબરની બે કેસમાં શંકાસ્પદ જણાતા તાત્કાલિક કલેકટર દ્વારા સુવોમોટો દાખલ કરવામાં આવી છે અને આગામી દિવસોમાં કલેકટર દ્વારા નોંધ પણ રદ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### અશાંતધારાના મામલે બે – બે ધારાસભ્યોની રજૂઆત બાદ વહીવટીતંત્ર ગંભીર

# રાજકોટના ડઝનથી વધુ નવા વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવા તૈયારી, કલેકટર દ્વારા ઘડાતી દરખાસ્ત

### રેલનગર, લક્ષ્મીનગર, રામનગર સહિતના વિસ્તારોમાં કાયદો લાગુ કરવા ગતિવિધીઓ તેજ

રાજકોટ,તા.૨૧

અશાંતધારાના મામલે ધારાસભ્ય ડો.દર્શિતા શાહ તેમજ રમેશભાઈ ટીલાળા દ્વારા પ્રભવ જોશીને કરાયેલ રજૂઆતના પગલે રાજકોટ જીલ્લા વહીવટી તંત્રએ ગંભીર બની શહેરના એક ડઝનથી વધુ નવા વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ અંગે દરખાસ્ત તૈયાર કરવામાં આવી રહી છે.

કલેકટર તંત્રના ટોચના સુત્રોએ જણાવ્યું હતું કે, રાજકોટના રેલનગર, લક્ષ્મીનગર, રામનગર સહિતના એક ડઝનથી વધુ નવા વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવા માટે કલેકટર તંત્ર દ્વારા પ્રાંત અધિકારીઓ તેમજ પોલીસ વિભાગ પાસેથી અભિપ્રાયો મંગાવવામાં આવેલ છે. આ અંગે સર્વે કામગીરી પણ શરૂ કરી દેવામાં આવેલ છે.શહેરના એક ડઝનથી વધુ આ નવા વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવા માટેના અભિપ્રાયોની ફાઈલો પ્રાંત અધિકારીઓ પાસેથી મળ્યા બાદ કલેકટર તંત્ર દ્વારા આ અંગેની દરખાસ્ત રાજય સરકારમાં મોકલી દેવામાં આવશે. જે બાદ સરકારની મંજૂરી મળ્યે આ નવા વિસ્તારોને અશાંતધારા હેઠળ આવરી લેવામાં આવશે. અહીં ઉલ્લેખનીય છે કે, અશાંતધારાના મામલે અગાઉ ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા જીલ્લા કલેકટરને ફરીયાદ કરી જણાવ્યું હતું કે, રાજકોટ પશ્ચિમ વિસ્તારમાં અશાંત ધારાનો ભંગ થઈ રહ્યો છે.

જેમાં મુસ્લીમ સમાજના કેટલાક સદસ્યો હિન્દુ સમાજના નામે મકાનો ખરીદી વસવાટ કરતા હોવાની ફરીયાદ કરતા સુભાષનગર વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા મકાનોની ડોર ટુ ડોર તપાસણી કરવામાં આવી હતી.

# વેરાવળમાં ઓવરબ્રીજના કામમાં સર્વિસ રોડ આપવા તથા ભુગર્ભ ગટર યોજનાના કામો સત્વરે પુર્ણ કરવા કલેકટરે તાકીદ કરી

**જીલ્લા કલેકટરએ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી જીયુડીસીના કામોની સમીક્ષા કરી લોકોની ફરીયાદ દુર કરવા કામગીરી હાથ ધરવા સુચના આપી**

વેરાવળ, તા. ૨૦ઃ રાજ્ય સરકારની સંસ્થા જીયુડીસી દ્વારા વેરાવળ સોમનાથ જોડીયા શહેરમાં ભુગર્ભ ગટર યોજનાનું તથા બે ઓવરબ્રીજ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી મનઘડત રીતે ગોકળગતિએ થઈ રહી હોવાથી લોકોને ભારે હાડમારીનો સામનો કરવો પડી રહ્યો છે. દરમ્યાન છેલ્લા થોડા દિવસો દરમ્યાન જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ શહેરમાં યોજેલ વોર્ડ સભાઓમાં ઓવરબ્રીજની તથા ભુગર્ભ ગટર યોજનાની કામગીરી સામે લોકો વ્યાપક ફરીયાદો કરી હતી.

જેથી ગઈકાલે જીલ્લા કલેકટરએ જીયુડીસીના ગાંધીનગરથી ઉચ્ચ અધિકારીઓને અત્રે બોલાવી તેઓ સાથે બેઠક કરી હતી. જેમાં પાલિકા વિસ્તારમાં ઘણાં સમયથી ચાલતા એવા અધુરા જીયુડીસીને આધિન કામોની હાલની સ્થિતિની સમિક્ષા કરવામાં આવી હતી. જેમાં ઓવરબ્રીજની કામગીરીના કારણે ટ્રાફીક સમસીયા ત્રાસ દાયક બની છે. ત્યારે બેઠકમાં જીલ્લા કલેકટર જાડેજાએ બ્રિજની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની સાથે સત્વરે બ્રિજની બંન્ને તરફ સર્વિસ રોડ બનાવવા સુચના આપી હતી. આ કામગીરીને લઈ લોકોના આવાગમન માટે બંધ રહેલ ફાટક સત્વરે ખુલી જાય તેને લઈ ઝડપી કામગીરી કરવા જણાવ્યુ હતુ.

વધુમાં શહેરમાં નંખાયેલ ભૂગર્ભ ડ્રેનેજ યોજનાની લાઈનોમાં મિસિંગ લિંક, અધુરી લાઈનો અંગે લોકોની વ્યાપક ફરીયાદો આવે છે. જેને ગંભીરતાથી લઈ તાત્કાલિક કામો પૂર્ણ કરવા સૂચના આપી હતી. આ યોજના અંતર્ગત ત્રીજા તબક્કામાં મંજૂર થયેલ શહેરના ગામતળના કામો આગામી વર્ષાઋતુની સીઝન પહેલાં પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યુ હતુ. આ યોજનામાં મંજૂર થયેલ સૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી ઝડપથી ચાલુ કરવા સુચના આપી હતી. આ બેઠકમાં ગાંધીનગરથી જીયુડીસીના મુખ્ય ઈજનેર એન.એલ.પટેલ, મેનેજર ગોવિંદ પટેલ, ધીરજ રાઠોડ,ચીફ ઓફિસર ચેતન ડુડિયા, અધિકારી જેઠાભાઈ સોલંકી સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### જીયુડીસીના સ્થાનીક અધિકારીઓ સામે પગલાં ભરવા કલેકટરે ભલામણ કરી

અત્રે નોંધનીય છે કે, આ બેઠકમાં જોડીયા શહેરમાં ચાલતા જીયુડીસીના કામોનું મોનીટરીંગ કરતા અધિકારીઓ પોતાની ફરજમાં ઘોર બેદરકારી દાખવતા હોવા અંગે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ સખ્ત નારાજગી દર્શાવીને તેઓ સામે પગલાં ભરવા ભલામણ કરી હોવાનું સુત્રોમાંથી જાણવા મળેલ

## પડવલામાં ઔદ્યોગિક એકમોનું આશરે ૪૨૦૦ ચો.મી. ગેરકાયદેસર દબાણ દૂર કરાયું



આજ રોજ તારીખ ૨૦/૧૨/૨૦૨૪ ના રોજ શ્રી કલેકટર સાહેબ રાજકોટના આદેશથી અને શ્રી આસિસ્ટન્ટ કલેકટર સાહેબ રાજકોટ શહેર ૨ ના માર્ગદર્શન હેઠળ કોટડાસાંગાણી તાલુકાના પડવલા ગામે આવેલ સરકારી ખરાબાના સર્વે નંબર ૨૮૧ માં આવેલ ઔદ્યોગિક એકમોનુ આશરે ૪૨૦૦ ચો.મી. જમીનમાં થયેલ ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવેલ છે. દબાણવાળી જમીનની આશરે બજાર કિંમત રૂપિયા ૬.૫ કરોડની હોવાનું જણાય છે.

દબાણ દૂર કરવાની કામગીરી જી . બી . જા ડે જા , મામલતદાર,કોટડાસાંગાણી તથા હિતેન્દ્રસિંહ ચુડાસમા નાયબ મામલતદાર દબાણ, સંજયભાઈ રૈયાણી, સર્કલ ઓફિસર, શક્તિસિંહ જાડેજા, કલાર્ક અને અમિત બાવળિયા, રેવન્યુ તલાટી અને પોલીસ બંદોબસ્ત સાથે કરવામાંઆવેલછે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટરો-જિલ્લા વિકાસ અધિકારીઓની કોન્ફરન્સ

ગાંધીનગર, તા. ૨૦: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, સરકાર અને અમલીકરણ અધિકારીઓ તથા જિલ્લાના વહીવટી વડાઓએ જનતા-પબ્લિકને સારી સેવા-સુવિધાઓ અને કલ્યાણ યોજનાઓના લાભ પહોંચાડવાના માધ્યમ બનવાનું છે. મુખ્યમંત્રીશ્રી રાજ્યના જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની એક દિવસીય સંયુક્ત પરિષદનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલ, પંચાયત રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સલાહકાર ડો. હસમુખ અઢિયા આ અવસરે ઉપસ્થિત



રહ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ લોક પ્રશ્નોના ત્વરિત નિરાકરણની તથા ઉચ્ચ કક્ષાથી લઈને સામાન્ય માનવીની રજૂઆતોના યોગ્ય જવાબ મળે તેવી સુદ્રઢ વ્યવસ્થા જિલ્લા સ્તરે જ ઊભી થાય અને 'સ્વાગત'માં આવવું જ ન પડે તેવી સ્થિતીનું નિર્માણ કરવા પણ કલેક્ટરો-વિકાસ અધિકારીઓને સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યા હતા.

આ સંયુક્ત પરિષદમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રીઓ શ્રી પંકજ જોષી અને એમ. કે. દાસ ઉપરાંત રાજ્ય સરકારના વિવિધ વિભાગોના અધિક મુખ્ય સચિવો, અગ્રસચિવો અને મુખ્યમંત્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ સહિત સચિવો પણ જોડાયા હતા.

# કડકડતી ઠંડીમાં ઠુંઠવાતા લોકોને રાજકોટમાં રેનબસેરા સુધી પહોંચાડો

## મરચા પીઠના આશ્રયસ્થાનની મુલાકાત લેતા કમિશનર તુષાર સુમેરા : લોકોને પણ જાણ કરવા અનુરોધ



રાજકોટ, તા. ૨૦: મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ઘરવિહોણા લોકોને આશ્રય મળી રહે તે હેતુથી દિનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ આશ્રયસ્થાન (રેનબસેરા) કાર્યરત છે.

બુધવારે મોડી સાંજે કમિશનર તુષાર સુમેરાએ શાળા નં.૧૦ પાસે અને મરચા પીઠ ખાતે આવેલ આશ્રય સ્થાનની મુલાકાત લીધી હતી. તેમણે ઘરવિહોણા લોકોને અપાતી સુવિધા અંગે માહિતી મેળવી હતી તેમજ કમિશનરે આશ્રિતો સાથે સંવાદ કરી શિયાળાની ઠંડીને ધ્યાનમાં રાખીને સ્પેશ્યલ ડ્રાઈવ કરી ઘરવિહોણા લોકોને આશ્રયસ્થાનમાં ખસેડવા સુચના આપી હતી. આ આશ્રયસ્થાનોમાં ઘરવિહોણાં લોકોને રહેવાની નિઃશુલ્ક પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. તેમજ સંચાલક સંસ્થાઓ દ્વારા અન્ય એનજીઓનાં સહયોગથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. તમામ આશ્રયસ્થાનોમાં સ્ત્રી અને પુરૂષ વિભાગની અલાયદી વ્યવસ્થા છે. આ ઉપરાંત આશ્રય લેનાર લાભાર્થીઓની આરોગ્ય ચકાસણી, બાળકો માટે આંગણવાડી, શિક્ષણ સમિતિનાં માધ્યમથી શિક્ષણની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવે છે.હાલ શિયાળાની ઋતું હોય ઘરવિહોણા લોકોને આશ્રયસ્થાનનો લાભ લેવા તથા શહેરીજનોને પણ પોતાના વિસ્તારની આસપાસ, મુખ્ય માર્ગો કે અન્ય કોઈપણ જગ્યાએ ઘરવિહોણા લોકો જોવા મળે તો આશ્રયસ્થાનની જાણકારી આપવા તેમજ સંચાલકના સંપર્ક નંબર પર જાણકારી આપવા મનપાએ અનુરોધ કર્યો છે. આ મુલાકાતમાં ડે.કમિશનર ચેતન નંદાણી, મેનેજર કાશ્મીરા વાઢેર, દિપ્તીબેન તેમજ આશ્રય સ્થાનના સંચાલક જયેશ ઉપાધ્યાય તથા અન્ય ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજી ખાતે બેંક વીમા કર્મચારી રી ક્રીએશન ક્લબ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું




તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજી, તા. ૨૦: ધોરાજી ખાતે બેંક વીમા કર્મચારી રી ક્રિએશન ક્લબ ઘણા વર્ષોથી કાર્યરત છે અને આ ક્લબ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે.

રી ક્રીએશન ક્લબના પ્રમુખ જગદીશભાઈ ગામોટ અને હોદ્દેદારો દ્વારા તાજેતરમાં તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં વિવિધ બેંકોના અધિકારીઓ અને અતિથિઓના વરદ હસ્તે તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું તેમજ ધોરાજી શહેરમાં બદલી થઈ આવેલા અધિકારી કર્મચારીઓ અને સેવાનું થતા બેંક કર્મચારીઓ વીમા કર્મચારીઓ નું બહુમાન પણ કરવામાં આવ્યું હતું બેન્ક અને વીમા કર્મચારી મંડળના પરિવારોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ગીર સોમનાથના સમુદ્રમાં ઓઈલ ટેન્કરના જહાજનો અકસ્માત થતા આપાતકાલની સ્થિતિ સર્જાઈ

## અકસ્માતની ઘટના નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથો.ની મોકડ્રિલ હોવાનું સામે આવતા સ્થાનીક તંત્રએ રાહતનો શ્વાસ લીધો



તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૨૦: નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા આયોજીત મેગા મોકડ્રિલ અંતર્ગત સમુદ્રમાં ઓઈલ ટેન્કરોના અકસ્માત સમયે સર્જાતી આપાતકાલ સ્થિતિ સંદર્ભે કેવા પ્રકારની રેસ્કયુ કામગીરી હાથ ધરવામાં આવે છે. આ કામગીરી માં શું વધુ સુધારો કરી શકાય તે મુદ્દે દિવ, દમણ અને દાદરા નગર હવેલી ત્રણે યુનાઈટેડ ટેરેટરીને સાંકળતી મોકડ્રિલ આજે સવારે ગીર સોમનાથના સમુદ્રમાં યોજાઈ હતી.

અરબી સમુદ્રમાં કોસ્ટગાર્ડ જ્યારે સમુદ્ર કિનારા પર મરીન અને લોકલ એજન્સીઓ જોડાઈ હતી. કોડીનાર નજીક મૂળદ્વારકા જે ટી પર વહેલી સવારે ફાયર, ફોરેસ્ટ, મેડિકલ, રેવન્યુ સહિતના સરકારી વિભાગ સ્ટેન્ડ બાય મોડમાં જોવા મળ્યા હતા અને અરબી સમુદ્રમાં સૌર લાઈન પર ઓઈલ લીકેજ ના મેસેજ મળતાં ની સાથે જ તમામ વિભાગો કામે લાગી ગયા હતા. આ મોકડ્રિલ માં પ્રથમ સમુદ્ર માં લીકેજ થયેલ ઓઈલ ને સૌર લાઈનથી નજીક આવતા અટકાવવા નો પ્રયત્ન થયેલ ત્યાર બાદ સમુદ્ર કાંઠા પર સ્થાનિક માછીમારો ને સ્થળાંતરીત કરવા જ્યારે ફોરેસ્ટ વિભાગ દ્વારા દરિયાઈ જીવ સૃષ્ટિ ને વધુ નુકસાન ન પહોંચે તે માટે કાર્યવાહી કરવી સહિત જુદી જુદી એજન્સી દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.



# વલસાડ SOGની ટીમે 3.5 KG ગાંજાના જથ્થા સાથે એકને દબોચ્યો એક વોન્ટેડ

## વલસાડ જિલ્લા પોલીસ વડા ડો. કરણરાજ વાઘેલાના માસ્ટર પ્લાનથી ગુનેગારો દબોચાઈ રહ્યા છે ગુનેગારોને હફાવી રહી છે વલસાડ જિલ્લા પોલીસ



**રિપોર્ટઃ કાર્તિક બાવીશી**

વલસાડ, તા. ૨૦ : વલસાડ જિલ્લા પોલીસ વડા ડો કરણરાજ વાઘેલા હમેશા કાયદા નો ભંગ કરનાર ને કાયદા નો પાઠ શીખવે તે અધિકારી છે હમણાં જ સુરત રેન્જ વડા પ્રેમવીરસિંગ યાદવના લોક દરબારમાં લોકોએ વલસાડ જિલ્લા પોલીસ વડાની કામગીરીના લોકોએ ભરપૂર વખાણ કર્યા હતા વલસાડ જિલ્લા પોલીસ વડા ડો કરનરાજ વાઘેલાની.સુચનના આધારે જ્યત્ર્ઞની ટીમ જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરો રહી હતી. જે દરમ્યાન મળેલી બાતમીના આધારે વલસાડ ગ્રીન પાર્કમાં જિન્નત નગર વિસ્તારમાં એક મકાનમાં ભાડાના મકાનમાં રહેતો વ્યક્તિ ગાંજાનું છૂટક વેચાણ કરતા હોવાની મળેલી બાતમીના આધારે વલસાડ જ્યત્ર્ઞની ટીમે છાપો મારી ચેક કરતા એક ઘરમાંથી.૩.૫ ઊંત્ર્દ્દ ગાંજાના જથ્થા સાથે ગાંજાનું છૂટક વેચાણ કરતા ઇસમને ઝડપી પાડ્યો હતો. ઘરમાં ચેક કરતા ૧.૬૯ લાખ રૂપિયા રોકડા અને ગાંજાનો જથ્થો તથા મોબાઈલ મળી કુલ ૨.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીનો વધુ પૂછપરછ કરતા કેસમાં સંડોવાયેલા અન્ય એક ઇસમને વોન્ટેડ જાહેર કરી SOGની ટીમે સીટી પોલોસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.આગામી દિવસોમાં નાતાલ પર્વ અને ન્યુ ઈયર પાર્ટીની આડમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંકુશમાં લાવવા અને જિલ્લામાં NDPSની ગતિવિધિઓ ઉપર નિયંત્રણ લાવવા વલસાડ SP કરનરાજ વાઘેલાએ વલસાડ SOGની ટીમના PI એ યુ રોઝને.સૂચના આપી હતી. વલસાડ SOG PI એ યુ રોઝના નેતૃત્વમાં વલસાડ SOGની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. જે દરમ્યાન મળેલી બાતમીના આધારે વલસાડ શહેરને અડીને આવેલા ગ્રીન પાર્કના જિન્નત વિસ્તારમાં આવેલા એક ભાડાના મકાનમાં રહેતો મહમદ હસીબ સાહિર સાહબ કાઝી ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો રાખીને છૂટક વેચાણ કરતો હોવાની બાતમી મળી હતી. વલસાડ SOGની ટીમને મળેલી બાતમીના આધારે ગ્રીન પાર્કના જિન્નત નગર વિસ્તારમાં બાતમીવાળા ઘરમાં ચેક કરતા મહમદ હસીબ સાહિર સાહબ કાઝીને વનસ્પતિ



ગાંજાનો જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. વલસાડ SOGની ટીમે ઘરમાં ચેક કરતા ૧.૬૯ લાખ રોકડા મળી આવ્યા હતા. વલસાડ FSLની ટીમની મદદ લઈને ચેક કરતા વનસ્પતિ ગાંજો હોવાની પુષ્ટિ થઈ હતી. વલસાડ SOGની ટીમે આરોપીનો પ્રાથમિક પૂછપરછ કરતા સુરતના મહમદ ઝહીરની કેસમાં સંડોવણી સામે આવતા આરોપીને વોન્ટેડ જાહેર કરી આગળ ની તપાસ હાથ ધરી હતી. વલસાડ SOGની ટીમે ૩ કિલો ૬૧૭ ગ્રામ ગાંજાનો જથ્થો, ૧.૬૯ લાખ રૂપિયા રોકડા, ૧ મોબાઈલ મળી કુલ ૨.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વલસાડ સીટી પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સતાધારની પવિત્ર જગ્યાને બદનામ કરવાના પ્રયાસો અત્યંત નિંદનીય : લલીત વસોયા

■ **લલીત વસોયા એ સતાધાર રૂબરૂ મુલાકાત લઈ સાધુ સંતો સાથે ચર્ચા કરી**



ધોરાજી, તા. ૨૦: તાજેતરમાં સૌરાષ્ટ્રની દેહાણ પરંપરાની જગ્યા સતાધારમાં કેટલાક સમયથી આક્ષેપ કરવામાં આવી રહ્યા છે જેમાં સતાધાર ની જગ્યા ના મન પર અમુક પ્રકારના આક્ષેપો લગાવવામાં આવી રહ્યા છે ત્યારે ઉપલેટા ના પૂર્વ ધારાસભ્ય અને રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ લલિત વસોયા સતાધાર ખાતે દોડી ગયા હતા.

જ્યાં તેમણે સતાધારના મહંત વિજય બાપુ સાથે સમગ્ર મામલાને લઈ વિસ્તૃત ચર્ચા કરી હતી તેમજ એ તકે ઉપસ્થિત ગિરનાર મંડળના સાધુ સંતો સાથે પણ મુલાકાત કરી હતી અને મીડિયા સમક્ષ લલિત વસોયાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં સેવાના વિવિધ પ્રકલ્પો ચલાવતી ૨૦૦ વર્ષથી પણ જૂની પરંપરા અને જ્યાં સત્ય એ જ આધાર છે એવા સતાધારમાં અમુક વિઘ્નસંતોષીઓ દ્વારા પોતાના અંગત સ્વાર્થ માટે મહંત પર પાયા વિહોણા આક્ષેપો કરવા અને જગ્યાને બદનામ કરવાના નિમ્ન કક્ષાના પ્રયાસ થઈ રહ્યા છે જે નીંદનીય છે તેમ જ જીવ સેવા મનુષ્ય સેવા પશુ સેવા સહિતના પ્રકલ્પોને લઈ સતાધારની સંસ્થા કાર્યરત છે લાખો લોકોની આસ્થા સાથે અમુક વિઘ્નસંતોષી છેડા કરી રહ્યા છે.

આ લોકોનું જુઠાણું કદી ચાલવાનું નથી સત્યનો વિજય થાય તે પ્રકારે સતાધાર માં લાખો લોકોની શ્રદ્ધા છે જેથી સતાધાર પર ઉની આંચ પણ ન આવી શકે બીજી તરફ અમુક રાજકીય લોકો જે સતત સનાતનની વાતો કરી રહ્યા છે. તેવા આગેવાનો આજે સતાધારમાં ઊભા થયેલા પ્રશ્ન શા માટે મૌન સેવીને બેઠા છે તે સવાલ ઊભો થઈ રહ્યો છે.

લલિત વસોયા સાથે ધોરાજી કડિયા સમાજના યુવા અગ્રણીઅને શિક્ષણ વિદ મનોજભાઈ રાઠોડ એ પણ સાધુ સંતો સાથે ચર્ચા કરી હતી સમગ્ર મામલે સતાધારની હંમેશા પડખે રહેવાનું તેમણે નિવેદન આપ્યું હતું.

## વરિષ્ઠ પત્રકારોની ઉપસ્થિતિમાં ડો.સુભાષ અકેડેમીનો વાર્ષિકોત્સવ ૨૫ ડિસેમ્બરે યોજાશે

જૂનાગઢ, તા. ૨૦: અગ્રણી કેળવણીકાર શ્રી પેથલજીભાઈ ચાવડા સ્થપિત ડો. સુભાષ અકેડમિ, જૂનાગઢ સંલગ્ન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને ડો.સુભાષ યુનિવર્સિટીના ઉપક્રમે વાર્ષિકોત્સવ ૨૦૨૪ની ઉજવણી તા.૨૫ ડિસેમ્બર બુધવારના રોજ ડો.સુભાષ અકેડમિ ખાતે યોજાશે.

આ પ્રસંગે પ્રથમ બેઠક વરિષ્ઠ પત્રકાર જગદીશ મહેતાના અધ્યક્ષ સ્થાને યોજાશે જેનું ઉદ્દઘાટન શ્રી અજયભાઈ ઉમટના (વરિષ્ઠ પત્રકાર) વરદ હસ્તે થશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે પત્રકાર શ્રી રોનકભાઈ પટેલ, (એન્કર, એ.બી.પી.ન્યુઝ) પ્રવીણભાઈ આહીર, (એન્કર, જી.એસ. ટીવી ન્યુઝ) હેમંતભાઈ ગેલાણી (એન્કર વી.ટીવી. ન્યુઝ),અને ગોપીબેન ઘાંઘર (એન્કર, નિર્ભય ન્યુઝ) ખાસ ઉપસ્થિત રહેશે .

આ જ બેઠકમાં આહિરરત્નો શ્રી કાનાભાઈ બાંટવા (તંત્રી આજકાલ દૈનિક) શ્રી અર્જુનભાઈ ડાંગર, (સ્ટેટ એડિટર, દિવ્યભાસ્કર સેટેલાઈટ) શ્રી રજનીભાઈ કાતરીયા (પોપટભાઈ) (સોશિયલ મીડિયા આશ્રમ, મહુવા)અને વિજયભાઈ જોટવાનું (ડી.ડી.ભારતી ન્યુઝ) એમણે મેળવેલી સિદ્ધિઓ બદલ સન્માન કરવામાં આવશે. સાથે સાથે અભ્યાસમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર સંસ્થાના વિદ્યાર્થીઓનું સન્માન કરી એમને પણ ગૌરવાન્વિત કરાશે. આ પ્રસંગે રાત્રિની બીજી બેઠકમાં સુભાષ અકેડમિની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ પણ

## વેરાવળ ગાયત્રી મંદિર ખાતે રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટના સહકાર સાથે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

■ **૧૬૮ દર્દીઓના નિદાન અને ૫૮ દર્દીઓના વિનામૂલ્યે ઓપરેશન**



વેરાવળ, તા. ૨૦: વેરાવળ સ્થિત ગાયત્રી શક્તિ પીઠ - ગાયત્રી મંદિર ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો જેમાં ૧૬૮ દર્દીઓ જોડાયા હતા.

વેરાવળ ગાયત્રી શક્તિ પીઠ ના વ્યવસ્થાપક અતુલ જોષી એ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટ ની રણછોડદાજી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આઈ હોસ્પિટલ ના સહયોગ થી વેરાવળ સ્થિત ગાયત્રી મંદિર ખાતે પ્રતિ માસ ની ૨૦ તારીખે વેરાવળ તેમજ આજુબાજુના દર્દીઓ માટે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આજે આ કેમ્પ માં ૧૬૮ દર્દીઓ સારવાર અર્થે આવ્યા હતા જે તમામ ના આઈ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર દ્વારા નિદાન કરવામાં આવ્યા બાદ ૫૮ જેટલા દર્દીઓને આંખના ઓપરેશન ની જરૂરિયાત જણાતા આ તમામ દર્દીઓ ને વિનામૂલ્યે ઓપરેશન માટે રાજકોટ ખાતે લઈ જવામાં આવ્યા છે. આ તમામ દર્દીઓ ના સફળ ઓપરેશન બાદ પરત વેરાવળ ખાતે લઈ આવશે.

વેરાવળ ગાયત્રી મંદિર ખાતે આવેલા તમામ દર્દીઓ અને તેમના સ્વજનોને વિનામૂલ્યે ભોજન પ્રસાદ તેમજ રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઓપરેશન વાળા દર્દીઓને આવવા જવા તેમજ રહેવા જમવાની તમામ વ્યવસ્થા વિનામૂલ્યે કરી આપવામાં આવે.

વેરાવળ ગાયત્રી મંદિર ખાતે દર મહિના ની ૨૦ તારીખે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવે છે. વેરાવળ પાટણ શહેર તેમજ આજુબાજુ ના ગ્રામ્ય વિસ્તારોમાં જરૂરિયાતમંદ દર્દીઓ એ આ કેમ્પ નો લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટમાં ભગવતીપરાના ગૃહઉદ્યોગમાંથી ૧૭૫ કિલો સડેલા ફ્રાઈમ્સનો નાશ : ફૂડ વિભાગ ત્રાટકયો

■ **લાંબા સમય બાદ નમકીન ઉત્પાદનના એકમમાં દરોડો : છુટક અને જથ્થાબંધ બજારમાં ધુમ વેંચાણ અંગે ફરી ચેકીંગ ડ્રાઇવ : ખાણીપીણીના વધુ ૯ ધંધાર્થીને લાયસન્સ માટે નોટીસ**



રાજકોટ, તા.૨૦: શહેરના જુદા જુદા વિસ્તારમાં છુટક અને જથ્થાબંધ ધુમ વેંચાતા ફ્રાઈમ્સનો મોટો વેપાર છે ત્યારે તેની બનાવટ અને ઉત્પાદનમાં કોઇ પ્રકારના તેલ-મસાલા સહિતની સામગ્રીનો ઉપયોગ થાય છે તે લોકો પણ પૂછતા નથી. થોડા મહિના પહેલા રામનાથપરાથી માંડી મોરબી રોડ, માધાપર ચોકડી સુધીના વિસ્તારોમાં આવેલા કારખાનાઓમાંથી ટનબંધ અખાદ્ય અને વાસી નમકીનના જથ્થા પકડાયા બાદ ફરી આવી જગ્યાઓ પર ચેકીંગ શરૂ કરાયું છે જેમાં ભગવતીપરાના એક ગૃહઉદ્યોગમાંથી ૧૭૫ કિલો વાસી ફ્રાઈમ્સનો જથ્થો મળી આવતા તેનો નાશ કરવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાની ફુડ શાખા દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન જય પ્રકાશનગર -૧, ભગવતીપરા મેઈન રોડ પર આવેલ 'ડી. કે. ગૃહ ઉદ્યોગ' પેઢીમાં તપાસ કરતા સ્થળ પર વેચાણ માટે સંગ્રહ કરાયેલ મેન્યૂફેક્ચર ડેટ, એક્સપાયરી ડેટ તથા બેચ નંબર દર્શાવ્યા વગરનો ફ્રાઈમ્સનો વાસી અખાદ્ય અંદાજીત ૧૭૫ કિ.ગ્રા. જથ્થો મળી આવતા તેનો સ્થળ પર નાશ કરાયો હતો. તો પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા ફૂડ લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવી છે.

સેફ્ટી વાન સાથેના ચેકિંગ દરમિયાન ગોંડલ ચોકડી થી માધાપર ચોકડી તથા સંત કબીર રોડ થી પ્રધ્યુમન પાર્ક ગેટ સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૬ ધંધાર્થિઓને ત્યાં ૧૨ નમુનાની ચકાસણી કરીને ૯ વેપારીને લાયસન્સ માટે સૂચના આપવામાં આવી હતી.

તેમાં (૧)મનોહર કોલ્ડ્રિંક્સ (૨)શરણેશ્વર રેસ્ટોરેન્ટ (૩) શિવ ગાંઠિયા (૪) અક્ષર ગાંઠિયા (૫) મહિરાજ કાઠિયાવાડી (૬) ત્રિલોક નાસ્તા સેન્ટર (૭)શ્રી વાસંગી ડેરી ફાર્મ (૮) જય ખોડલ ડીલક્સ (૯)ખેતલાઆપા ટી સ્ટોલનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત (૧૦)ભગવતી સોડા શોપ (૧૧)બજરંગ પાણીપૂરી (૧૨)ભેરુનાથ પાણીપુરી (૧૩)બાલાજી પાન કોલ્ડ્રિંક્સ (૧૪)શક્તિ સહયોગ પાન (૧૫)સતી સાગર કોલ્ડ્રિંક્સ (૧૬)સતી સાગર સેલ્સ એજન્સીમાં પણ તપાસ કરવામાં આવી હતી.

# રાષ્ટ્રવાદી મિત્રો દ્વારા પંચનાથ મહાદેવ મંદિરે એ ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન

રાજકોટ, તા. ૨૦: રક્તદાન એજ મહાદાનની ભાવનાને ધ્યાનમાં રાખીને સ્વ. શ્રી નાગજણભાઈ લખમણભાઈ પીઠમલની પુણ્યતિથિ નિમિત્તે રાષ્ટ્રવાદી મીત્ર મંડળ રાજકોટ દ્વારા એક વિશાળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ કેમ્પ ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪, રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકથી પંચમુખી મહાદેવ મંદિર, લીમડા ચોક, રાજકોટ ખાતે યોજાશે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાનોમાં માનનીય લોકસભા સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા અને માનનીય રાજ્યસભા સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, ડો.પ્રશાંતભાઈ કોરાટ,

શ્રી રાધિકાબેન ભરાઈ, શ્રી મુકેશભાઈ દોશી, નવીનભાઈ પટેલ, નવીનભાઈ શેઠ, નરેન્દ્ર ભાઈ દવે, સહિત અનેક મહાનુભાવોની ઉપસ્થિતિ રહેશે.

આ રક્તદાન કેમ્પમાં ૫૦૦ રક્તની બોટલ એકત્ર કરવાનો હેતુ રાખવામાં આવ્યો છે, જેનો લાભ જરૂરિયાતમંદ દર્દીઓને મળી શકે. આ માનવતાના કાર્યોમાં સહભાગી થવા માટે તમામ શહેરવાસીઓને અપિલ કરવામાં આવે છે.

## શુભેચ્છા મુલાકાત



રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત કમિશ્નર તુષાર સુમેરાની મુલાકાતે ભાજપના પૂર્વ કોર્પોરેટર અને ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન પૂર્વ ડાયરેક્ટ અનિલ મકવાણા.

# મોમ્બાસામાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજનું સ્વાગત કરાયું


અહેવાલઃ કનુભાઈ ખાચર

કેન્યા, તા. ૨૦: સ્વામિનારાયણ ભગવાન શ્રીજી સ્વયંમૂર્તિ જીવનપ્રાણ શ્રી અબજીબાપા ના સર્વોપરી સિદ્ધાંતોના પ્રચાર અને પ્રસાર કરવા દરિયાપાર વિદેશની ધરતી પર સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્માચાર્ય સૌ પ્રથમ પહેલ કરનાર શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્ય પ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપા આજથી ૭૬ વર્ષ પહેલાં પૂર્વ આફ્રિકાના કેન્યા રાષ્ટ્રના મોમ્બાસા હિન્દ મહાસાગર તટે બંદરે તારીખઃ ૧૬/૦૪/૧૯૪૮ને શુક્રવારના શુભ દિને પધાર્યા હતા. તેને આ વર્ષે ૭૬ વર્ષ પૂર્ણ થયાં છે. તો આવા પાવનકારી અવસરે તથા શ્રી સ્વામિનારાયણ મંદિર, અરુષા શ્રી ઘનશ્યામ મહારાજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજનું ચતુર્થ વિચરણ છે.

અનેક વિવિધતાઓથી સમૃદ્ધ કેન્યાના મોમ્બાસામાં શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ પૂજનીય સંતો હરિભક્તો સહ નાઈરોબીથી હવાઈ જહાજ દ્વારા મોઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ - મોમ્બાસા પધાર્યા હતા. એરપોર્ટથી પોલીસ એસ્કોર્ટ હાજર રહી હતી. મોમ્બાસા પધારતાં હરિભક્તોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. નાનાં નાનાં બાળકોએ સ્વાગત કીર્તન દ્વારા નૃત્યની પ્રસ્તુતિ કરી હતી અને સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું.

સત્સંગ વિચરણ દરમ્યાન મોમ્બાસા, સ્વામીબાપા પ્રાર્થના હોલમાં સ્વામિનારાયણબાપા સ્વામીબાપાની મૂર્તિઓનું પૂજન, અર્ચન અને નિરાજન - આરતી કરવામાં આવી હતી તથા આ અવસરે શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજનું પરમોલ્લાસભેર ભવ્યતાતિભવ્ય સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું. વળી, હિન્દ મહાસાગરના તટે શ્રી હરિકૃષ્ણ મહારાજનું પંચામૃતથી અભિષેક વિધિ તેમજ સમુદ્ર સ્નાન પણ કરવામાં આવ્યું હતું. જેનો મોટી સંખ્યામાં હરિભક્તોએ માણ્યો હતા. કચ્છી લેવા પટેલ સમાજના ભામાશા હસમુખભાઈ ભુડિયાના સુપુત્રો ધ્રુવભાઈ, દર્શકભાઈ એમના ધર્મપત્ની, માતુ પુત્રવધૂ વગેરે પરિવારજનોનું પાઘ, શાલ વગેરેથી સન્માન તથા શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિય સ્વામીજી મહારાજ તથા આચાર્ય જ્ઞાનમહોદધિ શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજ સાથેના હસમુખભાઈ ભુડિયાના પેઈન્ટિંગ તૈલ ચિત્રો અર્પણ કરવામાં આવ્યા હતા.

# બલદેવપરી સાહેબનો ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે જૂનાગઢમાં સફળતાનો શંખનાદ સેમિનાર યોજાયો






જૂનાગઢ, તા. ૨૦: બોર્ડની પરીક્ષા આપતા બાળકો માટે ખૂબ જ પ્રેરણા સફર અને ભયમુક્ત પરીક્ષા જેમાં થોડી સમજ અને સમય સૂચકતાથી પરિણામ ની ૧૦૦% ગેરંટી આપતો, વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારતો અલગ અલગ સંસ્થાઓમાં બલદેવપરીનો આ ૪૮મો સેમિનાર હોય આવો જ એક અતિ સુંદર પ્રેરણાત્મક સેમિનાર જૂનાગઢમાં તપોવન શૈક્ષણિક સંકુલના શ્રી એ પી પટેલ માધ્યમિક શાળામાં ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન અને બોર્ડની પરીક્ષા માં સફળતા મેળવવા માટેના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું સંસ્થાના પ્રમુખશ્રી અશ્વિનભાઈ મેંદપરા આચાર્યશ્રી જીગરભાઈ રાદડિયા આ વર્ષે બોર્ડની પરીક્ષામાં આપતા બાળકો માટે આ કાર્યક્રમ યોજયો હતો. ટેન્શન મુક્ત પરિક્ષા સેમિનાર આ કાર્યક્રમમાં ખાસ બબ્બે વાર ભારતના રાષ્ટ્રપતિના હાથે સન્માનિત થયેલા શ્રેષ્ઠ શિક્ષક એવા શ્રી બલદેવપરી ગોસ્વામીએ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા ગણિત અને વિજ્ઞાન વિષયોની ટેકનિકો શીખવાડી, બધાંને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. હળવી શૈલીમાં પ્રશ્નોતરી સાથે સફળતાની ચાવીઓ બતાવી પરીક્ષાનો ડર દૂર કરી દીધો હતો, તેઓ ના આ સેમિનારમાં ખરેખર સ્કુલના દરેક વિદ્યાર્થીઓનાને ખૂબ રસ પૂર્વક ભાગ લીધો હતો તેમજ સેમીનારને અંતે બાળકોને પ્રશ્નોતરી પણ કરી હતી.

બલદેવપરીએ સુંદર લાઈવ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને તમે પોતે જ શક્તિનો ભંડાર છો તમારી આંતરિક શક્તિની જાગૃત કરીને સ્વયંભૂ ઊર્જા સ્ત્રોત વિશે અને સફળતાની ચાવીઓ અને સફળતાના પ્રકારો સરળ ઉદાહરણો દ્વારા સમજાવ્યા હતા. વિદ્યાર્થીઓના મૂંઝવતા પ્રશ્નોનો ખૂબ જ સહજ અને સરળ ઉકેલો આપી કાર્યક્રમનું સમાપન થયું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી જીગરભાઈ રાદડીયા દ્વારા કરવામાંઆવ્યુંહતું.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુન:ઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

પરપોટા જેવી જિંદગીમાં શું વેર કરી લઈએ...
ફૂટી જઈએ એ પહેલાં સૌને પ્રેમ કરી લઈએ...

જીવ માત્ર પ્રત્યે મૈત્રી કેળવીએ, કર્મો પ્રત્યે સજાગ રહીએ...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT

SAPPHIRE
Skyline



Magnificent
4 BHK Flats & Penthouses

KALAVID

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...





તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...



મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

વોટ્સએપ પર

Hi લખીને મોકલો


98983 17826



અને જોડાઇ જાવ અમારી સાથે...


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062